મધુર-વાર્તામાળા સીરીઝ ૧.

મુંબઇની મોહિની.

ભાગ ૧ લો.

લેખક,

ચતુરભાઈ તારાચંદ શાહ

[illegible] અમદાવાદ.

પ્રકાશક

વાડીલાલ કેશવલાલ શાહ

રાજામહેતાની પોળ-અમદાવાદ.

પ્રત ૫૦૦. આવૃત્તિ ૧ લી. સને ૧૯૨૬.

કીંમત ૦-૨-૦.

જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં શંકરરાવ અમૃતરાવે છાપ્યું.

સાંકડીશેરી—અમદાવાદ.

રમુજી વાર્તામાળા સીરીઝ

ના એજન્ટો—

૧ નારાયણ એન્ડ કું.

મહીધરપુરા—સુરત.

૨ અમૃતબિંદુ ઓફિસ—નડિયાદ.

૩ અમૃતબિંદુ ઓફિસ.

ભુલેશ્વર—મુંબઇ.

આ સિવાય ઘણા ખરા બુકસેલરોને ત્યાંથી મળશે.

શ્રી પરમાત્મને નમઃ

રમુજી વાર્તામાળા સીરીઝ. ૧

મુંબઈની મોહિની.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

આશા-નિરાશા.

દિનકર નવ ગમેને ના ગમે રાત્રીકાન્ત,
વ્યથિત સમસંધ્યા ખીજ લાગે પ્રભાત,
રૂદનમય દિસેને, બોલવું ના ગમે કંઇ
જગત બધું છવાયું, શોકથી આ દીસે છે.

રાત્રીના નવ વાગ્યાનો સુમાર થયો હતો, આ વખતે, ભાવનગરમાં આવેલા એક નાના ઘરના બીજા મજલા ઉપર, એક તરૂણ બાલીકા હાથમાં એક કાગળ લઇને કાંઇક બોલતી હતી, "નાથ, આ દિનદાસીની આપને જરા પણ દયા ન આવી, શું છેવટે આપના દર્શન પણ મને ન થયા, આહા ? હું કેવી હતભાગીની, નાન-

પણુમાં, માતા મને નિરાધાર કરી ચાલી ગઇ, પિતાના આશ્રયમાં રહી, પિતાએ ભણાવી ગણાવી અને અનેક જાતના લાડ લડાવી તે પણ આ સ્વાર્થી સંસારની જંજાળથી વિમુક્ત થયા, અને મને ઓરમાન માના આશ્રય તળે મુકી દીધી, તેના ત્રાસ, અને સંકટ સહન-કરતાં મેં વિશ્રાંતિરૂપ, હૃદયના આરામ સુખના, સંગાથી, નાથ તમને સ્વીકાર્યા, છેવટે તમે પણ આશાની વેલડી કાપી નાંખી નિરાશાના કુપમાં પટકી વિદેશ સીધાવ્યા, પ્રિયતમ, હું આપનીજ હતી, અને હજુ પણ આપનીજ છું. છતાં મ્હારો એવો શું અપરાધ થયો કે આમ એકાએક નિરાધાર કરી ચાલતા થયા. અરે એટલુંજ નહિ પણ છેવટે જતી વખતે કાગળ લખી મને પહોંચાડવાની તક મળી, પરંતુ મળવા, ન આવી શકયા, ખરેખર, તેમાં મ્હારો કશો દોષ નથી, શું ત્યારે હવે છેવટે મારે એમજ કરવું પડશે, નવીમાને આધીન થઇ, રમણુલાલ જોડે પરણવું પડશે, અને તેમાં તમારી સમ્મત્તિ, આ શું કહેવાય; તમને લખતાં જરા પણ મ્હારી દયા ન આવી, પ્રથમના પ્રેમ પ્રસંગે આપે લીધેલી પ્રતિજ્ઞાએ તમારા મનસ્વી મનને આમ લખતાં જરાપણુ ન અટકાવ્યું, ભલે તમે મ્હને છોડીને ચાલ્યા ગયા, પણ નાથ હું તમને કદી પણ નહિ છોડું, આપનું બોલેલું નીચેનું વાક્ય તો સ્મરણમાં લાવવું હતું.

પડે જો દુઃખની ધારા, અને આભ પડે તુટી,
સહિશ હું પ્રાણની સાટે નહિ મુકું ત્હને છુટી.

આ આપનાજ હૃદયમાં ઉદ્ભવેલા વિચારો કઇ હવામાં ગેબ થઇ ગયા, ત્યારે શું તમારૂં હૃદય આરે વિશ્વાસઘાતી ગણવું. ના, ના, આમાં કાંઇ ભેદ હશે ખરો, એમ બબડતી, ફરીને હાથમાંનો કાગળ વાંચવા લાગી.

વ્હાલી, વિજયા,

ત્હને, આ પત્ર લખતાં, મ્હારી નિર્દય લેખીની અટકતી નથી, પણ હૃદય, ક્ષોભ પામે છે ખરૂં પણ, છેવટે મ્હારે તેમ કરવાનું ચોક્કસ કારણ મળી આવતાં આ રસ્તો લેવો મેં વ્યાજબી ધાર્યો છે, આ પત્ર, મળતાં પહેલાં હું કેટલે દુર નિકળી ગયો હઇશ તે હું જાણી શકતો નથી. છેવટમાં મ્હારે એટલુંજ લખવાનું કે, મારા પ્રત્યેનો ત્હારો શુદ્ધ પ્રેમ આખરે તને દુઃખી બનાવનારો હોવાથી, તું તે પ્રેમ કોઈ શ્રીમંતને અર્પણ કરી સુખી થજે, હું ગરીબ છું, નિરાધાર છું તેથી ત્હને કોઇ રીતે સુખી કરી શકનાર ન્હોતો, તોપણ, એક બીજાના શુદ્ધ અંતઃકરણ મળી જતાં આપણા વચ્ચે જે પ્રેમનો પ્રાદુર્ભાવ થયો હતો, તે એક રીતે યોગ્યજ હતો, એમ ત્હારૂં અને મારૂં માનવું હતું પણ ત્હારા વડિલો અને લોકોનું તે માનવું તદ્દન, ઉલટુંજ હતું અને જો હું અત્રે રહ્યો હોત. તોપણ આપણા વિચારો, હવાઇ કિલ્લાની માફક કદિ પણ ફળીભૂત થાત નહિ. અને મારી આંખે જોઇ શકાત નહિ, હું ધારૂં છું કે આ પત્ર ત્હને ઝેરી કટારી જેવો લાગશે. તું દુઃખી થઈશ, ત્હારા હૃદયમાં હું બેવફા લાગીશ, પણ તેમ તું ધારવામાં ભૂલ કરીશ નહિ, હું ત્હારો છું તું મ્હારી છે એ ભાવના, આ અંતઃકરણમાંથી કદિ પણ જવાની નથી, પરંતુ સમયનો પ્રવાહ અનુકુળ નહિ હોવાથી મારે આ રસ્તો છેવટે અખત્યાર કરવો પડયો છે તેને માટે ત્હારી માફી ચાહું છું. હું કયાં જઇશ તે કહી શકતો નથી, પરંતુ જ્યાં જઇશ ત્યાં બસ ત્હારાજ નામની માળા જપીશ, અને સુખે દુઃખે દિવસો વ્યતિત કરીશ. હું ત્હને હવે કયારે મળીશ તે પણ મારૂં હૃદય અત્યારે મ્હને કહી શકતું નથી, અર્થાત્

હવે આપણે મળીશું કે નહિ તે અસંભવિત છે બસ, વધારે નથી લખતો, પણ એટલું તો લખીશ કે તું મારી ખાતર, ત્હારા, જીવનને દુઃખમય ન બનાવીશ. તું સુખી થજે અને ત્હારા હૃદયના એક ગૃહ્યસ્થાનમાં મને રાખી કોઈક વખત સંભારજે.

છેવટે એટલું જ કે તું રમણુલાલ સાથે પરણીને સુખી થજે. તે શ્રીમંત છે, ત્હને દરેક રીતે પૈસાથી સુખી કરશે. તું ત્હેને ચાહતી હતી, મને ઉપરનો ડોળ બતાવતી હતી તે, ત્હારા ત્હેના ઉપરના પત્રથી સાફ સમજાઇ આવ્યું છે. તોપણ ત્હને મેં. બેવફા જાણી નથી, કારણકે ત્હારો મારા પ્રત્યે જે પ્રેમ હતો તે શુદ્ધ હતો, એટલું તો હું જાણી શકયો છું, પણ હું ગરીબ અને નિરાધાર હોવાથી મ્હને પરણીને તું સુખી નહિ થતે, એમ જાણીને, તું સુખી થવાને માટે રમણુલાલને ચાહતી હઈશ, પણ ખરૂં કારણ શું છે તે હું જાણી શકયો નથી, પણ અહિં રહેવામાં મારા જીવનું જોખમ હોવાથી હું જાઉં છું. છેવટના પ્રણામ.

લી.

ત્હારો સદાનો વિયોગી

“ મનહર ”

હાય? શું હું રમણુલાલને ચાહું છું, મેં તેના ઉપર પત્ર લખ્યો, તદ્દન ખોટી વાત છે; ત્યારે મનહર ને આમ લખવાનું શું કારણ? ખરે પુરૂષના હૃદય વિશ્વાસઘાતી, અને તરકટી હોય છે તેનું મને આજે સ્મરણ થયું, મને મનહર ચાહે છે અને હું તેને ચાહું છું એ રમણુલાલ જાણતો હોવાથીજ-તેણે બનાવટી પત્ર લખી મનહરને

વ્હેમમાં નાંખ્યો છે. ખરેખર હું નિરભાગી જ છું. મેં રમણુલાલને અનેક વખત ના પાડયા છતાં મારો પીછો છોડતોજ નથી, હશે ! પણ હવે મારે છેવટનો શું નિશ્ચય કરવો ? બસ એજ જીંદગી ભર મનહરના વિયોગે કુંવારા રહેવું. પુરૂષનો વિશ્વાસ નહિ કરવો ! હું તદન નિષ્કલંક છું, તેમ મનહરને સાબીત કરી આપવું, તેની શોધ કરવી, અને તેનેજ પરણુવું એમ અનેક જાતના વિચારોમાં ગુંથાતી, નીચેની કવિતા ગાવા લાગી.

" આશા તણુા શુભ વૃક્ષ નીચે હું સુખે બેઠી હતી "
આશા તણુા ફળ ઝીલવા હું વ્હાટ ત્યાં જોતી હતી,
આવી અચાનક કોઇ તેને અધરથી ઝડપી ગયું,
હાયે બીચારી હું બની કોને જઈ કહું આ થયું."

"ખરેખર મારી સ્થીતિ દુ:ખમય થઇ, મનની મનમાં રહી. હવે મને આ રાત્રી પણ રાક્ષસી જણુાવા લાગી, દુનિયા અકારી થઇ પડી, સંસાર દુ:ખમય થઈ પડયો. અરે વ્હાલા મનહર, મ્હારી ભૂલ થઇ હતી તો મને એકવાર રૂબરૂમાં તો મળવું હતું, તો હું તમને ભૂલનો ખુલાસો કરી આપતે પછી આપને જ્યાં જવું હોય ત્યાં સુખેથી જવું હતું. હું આપને કદિપણુ ન રોકત, પણુ વ્હાલા મનહર, આપવીના હું બીજાને. તો પરણુનારજ નથી. આજથી એકવાર આપને "પ્રિયતમ" ના સંબોધનથી બોલાવ્યા તે હવે બીજાને કદિપણુ નહિ બોલાવે, આ હૃદયમાં એક પ્રેમીને ધારણુ કર્યો તે બીજાને કદિપણુ નહિ કરે. શું સિંહણુ સાત લાઘણુ સહન કરશે તોપણુ ઘાસ ખાશે ? સમુદ્ર શું પોતાની માજા મુકશે ? ચંદ્ર શું અગ્નિ વરસાવશે ? અગ્નિ કદિ શીતળ

બનશે? ના નહિજ બને, તો પછી હું મારા એક વખતના દિલદાર દિવાનાથી પ્રીતિ બાંધી ત્હેને તોડી નાખું ના ? તે કદિજ નહિ બને.હું આપનીજ છું અને આપનીજ રહિશ.

" બની પ્રેમતણી જોગણ, પિયુને શોધવા ચાલી. "

એ કવિતા મેં આપની પાસે અનેક વખત ગાઇ છે તે હું ભૂલી નથી ગઇ. માટે નાથ ? આપ જ્યાં હો ત્યાં સુખમાં રહેજ્યો અને આ દિન દાસીને સંભારજો,પરંતુ આમ અચાનક મને નિરાશાના કુપમાં પટકી ચાલ્યા ગયા તે આપને છાજતું ન્હોતું, પરંતુ હા,આપે જે કાંઈ કર્યું હશે તેયોગ્યજ કર્યું હશે.રમણલાલ પૈસાનો તર છે, અને તેથી. મને મેળવવાની ખાતર કદાચ, આપને હેરાન પણ કરે વળી આપને સતાવ્યા પણ હશે. આહા? મોહાંધ થએલા નરપિશાચો, પૈસાના તર વ્યભિચારીઓ દુનિયામાં કેવા કેવા અનર્થો કરે છે. મેં ત્હેને અનેક વખત ના પાડી છતાં હજુ મને મેળવવાને માટે તે કેવા કેવા તરકટો રચેછે. હશે પણ હવે મારે મારા નિશ્ચય તરફજ લક્ષ આપવું જોઇએ અને એ વિચારના વમળમાં ગુંથાતી.

' પ્રીતિનો ડંખ મારીને મધુકર કયાં ગયો ઉડી,

\+ + + + + +

હમારૂં દિલ દુભાવીને, જવું ના છાજતું ઉડી '

\+ + + + + +

ઉપરની કડી ગાતી નિંદ્રાધીન થઇ વાંચનાર હવે આપણે ત્હેને સુવા દઇ બીજા પાત્રોતરફ નજર ફેરવીએ.

પ્રકરણ ૨ જુ.

" પાત્ર પરિચય. "

કાઠીઆવાડમાં આવેલું ભાવનગર બંદર પૂર્ણ જાહોજલાલી ભોગવતું હોવાથી, ત્યાંની પ્રજા દરેક રીતે સુખી જોવામાં આવે છે, આપણી આ વાર્તાની શરૂઆત, પણ તેજ ગામમાંથી થતિ હોવાથી તે શહેરનું કાંઇક ભાન કરાવવું ઉચીત ધારીએ છીએ.

સ્ટેટ રેલ્વે તેમજ બંદર હોવાથી, વહેપાર વિગેરેમાં ઘણી સારી સગવડ હોવાથી પ્રજા દિવસે દિવસે આગળ વધતી જાય છે, તેમજ ત્યાંનો રાજા, બાહોશ, અને ન્યાયી હોવાથી, પોતાની પ્રજાને દરેક રીતે સુખી કરવાને અનેક સાધનોની સગવડ કરી આપે છે, તેથી પ્રજા અને રાજા વચ્ચે અગાધ પ્રીતિ થાય તેમાં નવાઇ નહિ.અને જ્યાં પ્રજા અને રાજા વચ્ચે ભ્રાતૃભાવ હોય ત્યાં લક્ષ્મી અને સરસ્વતી, બંને વાસો કરેછે તેથી આપણા આ ભાવનગર શહેરમાં દરેક રીતે આનંદ વરતાઈ રહ્યોછે. આપણી આ વાર્તાની શરૂઆતના કેટલાક પાત્રોની વાંચનારને ઓળખાણ આપવાની હોઈ પાત્રોના ઇતિહાસ તરફ હવે દ્દષ્ટિ ફેરવવાની જરૂર છે.

આ શહેરમાં વડવા કરીને એક વિભાગ છે તેની અંદર ભાનુશંકર કરીને એક સાધારણ સ્થીતિનો બ્રાહ્મણ રહેતો હતો. તેની ઉમ્મર લગભગ ૬૦ વરસની થવા આવી હતી, નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો, તોપણ વડિલોપાર્જીત, થોડીઘણી મીલકત

હેવાથી સાધારણ રીતે સુખી હતો. તેને વિજયા નામની એક દીકરી હતી, હેનીમા નાનપણમાં મુકીને મરી ગઇ હોવાથી, છોડીને ઉછેરીને મોટી કરવાનું દરેક કાર્ય બીચારા ભાનુશંકર ઉપર આવી પડયું હતું. બાળકોને ઉછેરવા, હેને કેળવવા વિગેરે કાર્ય પુરૂષથી થઈ શકતું નથી, તે કાર્યતો સ્ત્રીઓનુંજ હોય છે. આથી તે બીચારો કંટાળવા લાગ્યો, અને પારકી નોકરી કરવાની હોવાથી ત્યાં પણ વખતસર જવું પડે તે કારણથી વધારે મુઝાવા લાગ્યો તેથી તેના કેટલાક મિત્રો અને સગાવહાલાના આગ્રહથી બીજી સ્ત્રી કરવાનો વિચાર કર્યો અને બેત્રણહજાર રૂપિયા ખર્ચીને તેણે નવી સ્ત્રી કરી. પરંતુ તેમાં તે ફાવ્યો નહિ. સ્ત્રી અભણ અને મિજાસી હોવાથી તેમનો સંસાર કલેશમય થવા લાગ્યો, અને વિજયાને પોતાની શોકયની છોડી જાણી અનેક રીતે સતાવવા લાગી, આ બધું આપણા ભાનુશંકરથી સહન થઇ શકયું નહિ. તેથી તે પોતાની પ્રાણાધિક પુત્રીને અનેક રીતે સંતોષવા લાગ્યો પરંતુ તેને તો બીચારીને આખો દિવસ, નવી મા પાસે રહેવાનું હોવાથી નવીના સંબંધમાં એક શબ્દ પણ વાંકો બોલાયજ નહિ, અને કદી જો ભાગ્યજોગે પોતાના પિતા પાસે કહી દેવાયું હોયતો ભાનુશંકર નવીને ધમકાવતોપરંતુ ઘરની જાંગ ઉઘાડી થવાના ભયથી ઢાંકપીછોડો કરી,નોકરી ઉપર ચાલ્યો જતો, હેના બહાર ગયા પછી, વિજયાને માથે પસ્તાળ પડતી આ વખતે વિજયાની ઉમર લગભગ નવ વરસની થવા આવી હતી. વિજયાનું મોસાળ પણ તે ગામમાં હતું અને તેના મામા દરબારી નોકરીમાં હતા. પરંતુ નવિના અપમાનિત શબ્દોથી, તે ભાનુશંકરને ઘેર આવતા બંધ થયા હતા અને વિજયાની ખબર પણ જેવી તેવી લેવાતી. જો વિજયાના સંબંધમાં, તેની મામી નવીને કાંઇ ભલામણ કરેતો

ઊઠતી તેને ધમકાવતી અને કહેતી કે, વિજ્યાને અમારે ત્યાં શું દુઃખ છે હું શું તેની માને ઠેકાણે નથી. તમારે ત્યાં વિજ્યા શા માટે આવે શું અમે મરી ગયા છીએ. અમને ખવરાવા નથી મળતુ. આવા અનેક શબ્દોના બાણુથી વિજ્યાની મામીને ધમકાવતી તેથી તે લોકોએ બોલવું ચાલવું બંધ કર્યું હતું. એક વખત વિજ્યાની કાંઇક ભૂલ થઇ હશે અને તે નવીના જાણુવામાં આવતાંજ તેને નહિ સહન થાય તેવો માર માર્યો અને જાંગમાં એક બે ડામ પણ દીધા આ અસહ્ય વેદના તે સુકોમળ બાળાથી સહન થઇ નહિ અને રાડેરાડ પાડવા માંડી આથી પાડોશીને દયા આવી પરંતુ કોની મગદુર છેકે તેના ઘરમાં જઇ નવીને શીખામણ આપે પરંતુ તેના પાડોશમાં એક નરભેરામ કરીને બ્રાહ્મણ રહેતો હતો. તે વિજ્યાના મામા પ્રાણશંકરની સાથેજ નોકરીમાં હતો તેથી તેણે આ બીના પ્રાણશંકરને કહી અને છોડીને પોતાને ઘેર લઇ આવવા કહ્યું આ વખતે ભાનુશંકર શેઠના કામે બહારગામ ગયા હતા. હવે પ્રાણશંકરે છાની રીતે વિજ્યાને પોતાને ઘેર લઇ આવ્યો, વિજ્યાને અનેક રીતે આશ્વાસન આપ્યું, આ બીના નવીના જાણુવામાં આવતાં તેણે ઘણા પછાડા માર્યા પરંતુ તે લોકોએ ગણકાર્યા નહિ.

હવે દિવસે દિવસે વિજ્યા મોટી થવા લાગી અને સ્કુલમાં કેળવણી લેવા લાગી. આ અરસામાં તેના મામાની પાડોશમાં મનહર કરીને એક યુવક રહેતો હતો, તે બી. એ. નો અભ્યાસ કરતો હોવાથી, વિજ્યા તેની પાસે ખાનગી રીતે ઇંગ્લીશનો પણ અભ્યાસ કરવા લાગી, આવી રીતે એકબીજાના સહવાસથી બન્નેના અંતઃકરણ એકમય થતાં પ્રેમનો પ્રાદુર્ભાવ થયો.

વિજ્યા શરીરે સુંદર દેખાવડી, મોહક અને લાવણ્યવતી હતી,

તેનો કંઠ ઘણોજ મધુર અને પ્રિયકર હતો, વળી ગાવાનો શોખ ઘણો સારો હોવાથી, તે સંગીતના વિષય ઉપરફિતરી. મનહર, પોતે સાધારણ સ્થિતિનો હતો તોપણ તેને સંગીતકળાનો સારો શોખ હોવાથી સંગીતના કેટલાક સાહિત્યો તે પોતાને ઘેર રાખતો હતો. આથી વિજ્યાને તેણે હારમોનીયમ, સતાર વિગેરે વગાડતાં શીખવાડયાં હતાં. આમ એકબીજા પરસ્પર સહવાસમાં આવતાં પ્રેમનો પ્રકાશ સંપુર્ણપણે બન્નેના હૃદયમાં પ્રકાશવા લાગ્યો. આ વખતે વિજ્યાની ઉંમર બાર વરસની થઇ હતી.

હવે આપણે વિજ્યાને પડતી મૂકી તેની નવી મા તરફ દષ્ટિ ફેરવીએ, નવીનું નામ નંદકુવર હતું, તે દેખાવડી, મજબુત બાંધાની અને મરોડદાર અંગથી શોભાયમાન લાગતી હતી. ભાનુશંકર સાથે તે જ્યારે પરણી ત્યારે તેની ઉંમર, તેર વરસની હતી, અને ભાનુશંકરની ઉંમર લગભગ પચાસ વરસની હતી, પોતાની વૃદ્ધાવસ્થાને લીધે તેમજ વિજ્યાને સાચવે અને ઘરને સંભાળે એવી ઇચ્છાથી વૃદ્ધાવસ્થામાં લગ્ન કર્યું હતું.

ભાનુશંકર, ભાવનગરમાં આવેલા મેસર્સ આનંદશંકર પ્રભાશંકરની પેઢીમાં મૂખ્ય મુનીમ તરીકે કામ કરતો હતો. માસીક રૂ. ૨૫) મળતા હતા. જોકે આનંદશંકર પોતેતો ગુજરી ગયા હતા પરંતુ તેને રમણલાલ કરીને એક પચીસ વરસનો પુત્ર હતો તે આ પેઢીનો વહીવટ ચલાવતો હતો. પોતાના પિતા ત્રણ લાખનો વારસો મુકી ગયા હતા તેથી તે વહેપારની ઝાઝી દરકાર નહિ રાખતા એશ આરામ તરફ વધારે લક્ષ્ય આપવા લાગ્યો. કેટલાક સ્વાર્થી મિત્રોની

સોબતથી વ્યભિચારને રસ્તે ચડયો અને આખો દિવસ તેમાંજ ભમ્યા કરે. પેઢીનું કામ ગુમાસ્તાથી ચાલવા લાગ્યું અને તેથી વહેપારમાં જોઇએ તેવો નફો થતો નહોતો તોપણ આપણા મુખ્ય મુનિમ ભાનુશંકર નીતિથી અને મરનાર શેઠના સ્નેહથી પેઢીને સારી રીતે જાળવી રાખતો હતો, અને મૂળ રકમની મૂડીમાંથી ઓછી થવા દેતો નહોતો.

આપણા રમણલાલતો દિવસે દિવસે વ્યભિચારમાં વધારે તણાવા લાગ્યો, એક દિવસ કાંઇ કામસર પોતાના મુનિમ ભાનુશંકરને ઘેર ગયો. આ વખતે ભાનુશંકર બહાર ગયા હતા તેથી તે તેના ઘરમાં બેઠો. પરંતુ ભાનુશંકરની નવી સ્ત્રી નંદકુવરને જોઇ તેનું મન લલચાયું, અને નંદકુંવર પણ છટકેલી હતી તેથી રમણલાલને રસીલો તેમજ પૈસાપાત્ર જોઇ તેની સાથે રંગ રમવાનો વિચાર કર્યો. એકી વખતે બન્નેના હૃદયમાં એકજ પ્રકારની વાસના ઉદ્ભવતાં તેનો પ્રકાશ જલદી થવા લાગ્યો. નવીથી રહેવાયું નહિ તેથા તેમણે વાત ઉપાડી.

તમારે તેમનું શું કામ હતું.

રમણ—મારે દુકાન સબંધી કેટલુંક કાર્ય હતું પરંતુ તે ક્યારે આવશે.

નવી—અમારા સગામાં એક મરણ થયું હોવાથી તેતો શ્મશાને ગયા છે. માટે હમણાં તમને તે નહિ મળે.

રમણ—વારૂ ! પણ હું તમને એક વાત કહેવા માગું છું. જો તમને રીસ ન ચડે તો કહું.

નવી—કહોને, તેમાં રીસ શાની?

રમણ—તમે છો જુવાન અને અમારા આ ભાનુશંકર વૃદ્ધ થયા છે તેથી તે તમને શું સુખ આપી શકતા હશે વારૂ, આવી અમુલ્ય યુવાનીનો લ્હાવો તમને મનમાન્યો કેવી રીતે મળતો હશે તેજ મને શંકા થાય છે.

નવી—શું કરીએ શેઠ, માબાપે વૃદ્ધ સાથે પરણાવી, તેથી તેવી જીંદગી ગાળવી જોઇએ પણ શું કરૂં, મારી જુવાની પૂર જોસમાં ઉછળી રહી છે. પરંતુ શરમને લીધે કાંઇ થઇ શકતું નથી બાકી તમને જોઇને મારા હૃદયમાં અનંગની તીવ્ર વેદના થવા લાગી છે માટે ગમે તેમ કરી મારી તે વેદના શાંત કરો, હું તમારી છું--તમે મારા છો, આજથી આપણી પ્રીતિ બંધાણી, અને તમે કહેશો તેમ હું કરીશ, તમારા મુનિમ તો હવે વૃદ્ધ થયા છે તેની દરેક ઇંદ્રિયો દિવસે દિવસે શીથીલ થતી જાય છે. તેથી મારી કામવાસના પરિપૂર્ણ થતી નથી, માટે મારાપર કૃપા કરો.

રમણલાલ તો વ્હાટ જોઇનેજ બેઠો હતો, બન્ને યુવાન મનડા, કામવાસનાને તાબે થયા.

+ + + +

દિવસે દિવસે બન્નેનો વ્યવહાર વધવા લાગ્યો પરંતુ આપણા ભાનુશંકરને તેની ખબર પડી નહિ, સ્ત્રી ચરિત્રથી, મોટા મોટા યોગીઓ પણ હારી ગયા છે તો આપણો આ વૃદ્ધ બિચારો ભાનુ-શંકર શા હિસાબમાં, પરંતુ બ્હારના લોકોની જાણમાં કેટલુંક આ-

વવા લાગ્યું. પરંતુ રમણીકલાલ પૈસાવાન હોવાથી તેની સામે કોઇ આંગળી કરી શકતું નહોતું હવે દિવસે દિવસે ભાનુશંકરનું શરીર લથડવા લાગ્યું તેથી દુકાન ઉપરથી તેણે રજા લીધી, વિજયાને ઘેર બોલાવી વિજયા પોતાના મામાને ઘેરથી આવી અને બાપની ચાકરી કરવા લાગી, પરંતુ ભાનુશંકરનું શરીર દિવસે દિવસે વધારે લથડવા લાગ્યું તેણે નવીને પાસે બોલાવી, કેટલીક શીખામણ આપી. વિજયાને સાચવવી અને બન્નેએ સંપીને રહેવું, મારી ઇચ્છા વિજયાને પરણાવવાની હતી પરંતુ મને આશા નથી કે પરમાત્મા મારી તે આશાને સફળ કરે, માટે જો નવી સાંભળ, વિજયાનું વેવીશાળ સારે ઠેકાણે કરજે તેની સમ્મતિ લઇને પરણાવજે અને મારી આ બધી. મીલ્કત હું તને સોંપું છું તેમાંથી વિજયાને પરણાવવાના રૂા. ૫૦૦ મેં જુદા રાખ્યા છે એમ કહી, પોતે કરેલું વીલ નવીને સોંપે છે, પરંતુ શરીર વધારે નરમ થતું જતું હોવાથી વધારે બોલી શકાયું નહિ અને જોતજોતામાં તેનો અમર આત્મા આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલતો થયો, ઘરમાં રો'કકળ શરૂ થઇ સગાંવહાલાંઓ એકઠા થયા અને શબને સ્મશાન પોંચાડી દહનક્રિયા કરી પાછા ફર્યા. નવીને જો કે વચ્ચમાંથી એક આડ ગઇ તેથી અંદરખાને ખુશી થતી હતી, પરંતુ બહારનો ડોળ બતાવવા ખાતર તે ધડાપીટ કરતી હતી. તેમાં સગી વ્હાલી ભાગ લઇ તેને વધારે રડાવતી હતી. તો પણ નવી બીજી સ્ત્રીઓની જેવી કાચી નહોતી કે શરીર પટકી પાડે. ભાનુશંકરના મરણથી વિજયાને ખરૂં દુઃખ થયું, કારણ કે તે તેના વિશ્રામ સ્થાન હતા. તેણે ઘણો કલ્પાંત કર્યો પરંતુ દિવસે દિવસે શોક વિસારે પડયો અને સહુ કોઇ પોતાના કાર્યમાં પાછા જોડાઇ ગયા.

હવે નવીને વધારે મજા પડવા લાગી આખો દિવસ રમણલાલ તેને ઘેર આવતો અને ત્યાંજ પડ્યો રહેતો. આ બીના વિજયાના જાણવામાં આવી પરંતુ તે બીચારી શું કરી શકે.

એક દિવસે વિજયા કાંઈ કામસર, મામાને ઘેર ગઇ હતી, અને વખત મળતાં મનહર પાસે ગઇ આ વખતે મનહર નીચેની કવિતા હારમોનિયમ સાથે ગાતો હતો—

મ્હને લાગી વિયોગે લ્હાય, હવે કરવું કહે શું હાય
અકળાયે અંતર અતિ, રહું દિનરાત ઉદાસ,
ખાન પાન ભાવે નહિ, ચિત ચિંતાનો વાસ.
રહે દિલડું અતિ દમતું, ફરે છે એકમાં ભમતું
નથી કાંઈ જગમાં ગમતું ખરે તું એકરે મ્હારે. મને. ૧

ખરે તું મ્હારે એક છે, બીજાની નહિ આશ,
આશ રાખીને શું કરૂં, તુંજ વિણુ બનું નિરાશ
ગમે ના કામ કાંઇ કરવું ખરે ના કાંઇ હો ભણવું
બને છે દિલ આ ગરવું એકજ છે ધ્યાન તુજ મા'રે.—મને.૨

આનંદ ઉડી સહુ ગયો, પ્યારી તુજની સાથ
વિયોગથી છુટાં થતાં ઝંખુ દિન ને રાત
અરે આ ચિતડું ચિરાય ખરે હા ? કાળજું કોરાય
દુઃખે દુઃખજ અનુભવાય મૃત્યુ સારૂં વિયોગેરે —મને. ૩

જ્વાળા ઉઠી વિયોગની, અકળાયે દિલ બહુ
ધુણી ધખતી અંગમાં શું બીજાને કહું

કહેથી શાંતિ શું મળશે ગાત્ર મારાં અરે ગળશે
કવણ દુઃખ મારૂં કળશે, વિના એ પ્રાણ પ્યારીરે—મને. ૪

ધાર્યું ન્હોતું મેં કદી, સ્વપ્ને દુઃખ સમ આજ
અનુભવીના વચનને સત્ય કરાવવા કાજ

જવું જીવને ક્યાંઇ ગમતું ? ભ્રમિત થઇ એકમાં ભમતું
નહિ કોઇ રાગમાં રમતું ગમ્યું બસ એક મૃત્યુરે— મને. ૫

આ ગાયન વિજયા બહાર ઉભી ઉભી સાંભળતી હતી અને પુરૂં થયું કે એકદમ બોલી ઉઠી—નાથ ? મૃત્યુ થાય દુસ્મનનું. પણ આપ કોના વિયોગે, આમ દુઃખી થાઓ છો તેની તો મને ખબર નહિ પડી.

મનહર—વિજયા વિજયા હવે ત્હારા વીના એક પળ પણ મારાથી જતી નથી, ત્હેં મને ખરેખર, બેભાન બનાવી દીધો છે. મ્હારા મનને ત્હારા હૃદયરૂપી પીંજરમાં કેદ કર્યું છે. અને ત્હેને આમ વિયોગી કરી તું દર્શન પણ ન દે એ કેવો અન્યાય કહેવાય ?

વિજયા—મનહર ધીરજ ધરો ઉતાવળે આંબા ન પાકે, હું ત્હમારી છું તમે મ્હારા છો. તમારા વીના મને પણ બીલકુલ ગમતું નથી ? પણ હાલ આપણો ઉપાય નથી. વખત આવે સહુ થઇ રહેશે.

મનહર—વારૂ પણ વિજયા મારે તને કાંઈક પુછવું છે.

વિજયા—ખુશીથી, જે પુછવાનું હોય તે પૂછો.

મનહર—ત્હારા પિતાના મૃત્યુ પછી રમણલાલ આખો દિવસ

ત્હારે ત્યાં પડ્યો રહે છે એ શું કહેવાય, મ્હને તો લાગે છે કે ત્હારી નવી માના આચરણો કાંઇ સારા લાગતા નથી.

વિજ્યા—હા, તેમજ છે પણ તેમાં હું શું કરૂં, મને તો એ કાળ રૂપ લાગે છે. કેટલીકવાર મારી પાસે આવી મને લલચાવે છે પૈસા આપે છે હું લેતી નથી પણ તેથી મારી મા ચીડાય છે. અને મને રમણુલાલ સાથે બોલવાની ફરજ પાડે છે. માટે હું તમને એજ કહેવા આવી હતી કે રમણુલાલ તમારો મિત્ર છે માટે તેને સમજાવો.

\+ \+ \+ \+ \+ \+

આવી રીતે વિજ્યા અને મનહર એક બીજા શુદ્ધ અંતઃકરણથી વાત કરે છે ત્યારે ભાનુશંકરને ઘેર, નંદકુંવર અને રમણુલાલ પતિત ભાવનાથી, અનાચરણીય કામ કરતાં માલુમ પડે છે.

રમણુલાલ—વ્હાલી, ત્હારી સાથે મારી કાયમની પ્રીત ટકી રહે તેવો ઉપાય કરે તો સારૂં કારણ કે, હું તારે ત્યાં કાયમ આવુંછું તેથી લોકોની આંખે ચડું છું માટે જો વિજ્યાના મારી સાથે લગ્ન કરી આપે તો પછી આપણે એક બીજાને ઘેર છુટથી રહી શકીએ.

નવી—આપની તે વાત સત્ય છે પણ વિજ્યા માનશે નહિતો ? કારણકે તે મનહરને ચાહે છે.

રમણુ—અરે ન માને શું મનહરને અનેક રીતે હું સમજાવીશ અને વિજ્યા ખરાબ ચાલની છે તેમજ તે મને ચાહે છે તેમ સમજાવીશ એટલે તે ટેકીલો અને વ્હેમી છે માટે વિજ્યાને છોડી દેશે પછી વિજ્યાને આપણે અનેક રીતે મનાવીશું અને નહિ સમજે તો જોર જુલમથી સમજાવશું.

નવી—ઠીક છે ? જો તમારી હિંમત હોય તો કરો હું તમને મારાથી બનતી મદદ કરીશ.

સમયને જતાં વાર લાગતી નથી એક દિવસમાં અરે એક સેકન્ડમાં આ જગત ઉપર કેટલું બધું પરિવર્તન થઈ જાય છે તેની આપણને ખબર પણ પડતી નથી. ઉપરની વાતચીત બન્યાને આજે એક માસ થવા આવ્યો છે, વિજયાના મામા પરલોકવાસી થઈ ગયા છે, વિજયા નિરાધાર થઇ પડી છે તેમજ મનહર, પણ બી. એ. માં નાપાસ થયો વળી તેને મળતી સ્કોલરશીપ બંધ થઈ તેથી તે પણ ગરીબાવસ્થામાં આવી પડ્યો.

હવે નવી અને રમણ પોતાના પાપકર્મમાં મશગુલ રહીને આ શુદ્ધ પ્રેમી જોડાને પોતાના પંજામાં સપડાવા માટે અનેક જાતના વિચારોમાં મશગુલ થઈ રહ્યા છે.

પ્રકરણ ૩ જું.

વ્હેમી મનહર.

અરે મન તું થઈ ભોળું
 બીજાપર પ્રેમ શું કરતું
નથી વિશ્વાસ કંઈ ત્હારો
 પછી શું પ્યાર તું ધરતું
અધીરૂં થઈ જતું વળગી
 પરિક્ષા કે'મ ના કરતું
સ્મરણ ત્હારૂં ન સ્વપ્ને તો
 હવે કલ્પાંત કાં કરતું
ભલાઈનો બુરો બદલો
 તથાપી ત્યાંજ તું ઠરતું
નગારામાં તતુડી તું
 છતાં અફસોસ શું કરતું
હવે તો દે તજી તે'ને
 નજર આવે ત્હાં ફરતું
વિના પિડે મુંઝાયે ક્યાં
 જીવે નહિ તો ભલે મરતું.

રાત્રીના આઠ વાગી ગયા હતા, બજારમાં લોકોની ઠઠ હજુ ઓછી થઈ ન્હોતી, બારગેટપર આવેલી હોટલોમાં ચાના પ્યાલા તડામાર ઉપડતા હતા. અને પાનવાળાની દુકાને પાનની પટીઓ માટે ગ્રાહકોની તડામાર પડતી હતી. પાનવાળો જેમ તેમ પટી બનાવી. ગ્રાહકને આપી વિદાય કરતો હતો. આ વખતે બંદરરોડ ઉપર આવેલા એક સુશોભિત બંગલાના એક દિવાનખાનામાં આરામ ખુરશીપર, પડયો પડયો એક યુવક કાંઈક ચિંતાના વમળમાં ગુંથાયો હોય તેમ તેની મુખમુદ્રાના જુદા જુદા રંગોથી અનુમાન થતું હતું. આ દિવાનખાનુ સારી રીતે શણગારેલું હતું. હાલની ફેશનેબલ ઢબની ઈંગ્લીશ તેમજ દેશી કારીગરોની બનાવેલી છબીયો, ફેશનેબલ રીતે ટાંગવામાં આવી હતી, ખુરશી, ટેબલ, કબાટ વિગેરે ઈંગ્રેજી ઢબથીજ ગોઠવ્યા હતાં આ યુવકે ઢાકાના મલમલનું અડધી બાંયનું પેરણુ પહેર્યું હતું, માથામાં કામીનીઆ ઓઈલ નાંખી છટાદાર રીતે સેંથો પાડી વાળને ઓળવામાં આવ્યા હતા, અને હાથમાં જાપાનીઝ પંખો રહી ગયો હતો, મોંઢામાં ચીરૂટ પોતાનું કાર્ય બજાવે જતી હતી, આ બધી સાહ્યબી જોતાં આ યુવક સારી રીતે પૈસાપાત્ર હોય તેમ સમજાઈ આવતું હતું. વાંચનારને તે યુવકના સબંધમાં ઝાઝો વિચાર નહિ કરવા દેતાં તુરતજ કહી દેવું પડશે કે, તે યુવક આપણો રમણલાલ પોતેજ હતો. અને તેણે મનહરને પોતાની પાસે ગાડી મોકલીને બોલાવ્યો હતો, તેથી તે મનહરની રાહ જોતો બેઠો હતો. અને વારંવાર ઘડીયાળ તરફ નજર ફેરવતો હતો એટલામાં મનહર આવી પહોંચ્યો અને નમ્રતાથી સલામ કરી સામેની ખુરશી ઉપર બેઠો.

મનહર અને રમણલાલ ન્હાનપણથી ભાઇબંધ હતા. તેઓ સાથેજ ભણતા હતા, વળી મનહર ગરીબ અને નિરાધાર હોવાથી રમણલાલના પિતા આનંદશંકરના આશ્રયથી તે ભણતો હતો. આથી મનહર ઘણું ખરૂં અત્રેજ રહેતો હતો પરંતુ વખતના વહેવા સાથે બન્ને જણ અભ્યાસમાં આગળ વધ્યા એટલામાં આનંદશંકરનું મૃત્યુ થયું અને ઘરનો તમામ કારભાર રમણ ઉપર આવી પડયો તેથી તેણે ભણવું છોડી દીધું તોપણ મનહરને પોતે મદદ આપતો હતો.

હવે રમણ દિવસે દિવસે અનીતિમાં દોરાવા લાગ્યો તેથી મનહરે કેટલીક શીખામણો આપી પરંતુ બીજા સ્વાર્થી ભાઇબંધોની શીખવણીથી મનહરની શીખામણ ઉંધે રસ્તે ઉતરી અને છેવટે પરિણામ એ આવ્યું કે મનહરને પોતાને ઘેર આવતો બંધ કર્યો હતો, મનહર પણ રમણથી જુદો પડી પોતે પોતાના અભ્યાસમાં લીન થયો. આજે એકાએક રમણની ગાડી તેડવા આવી તેથી મનહરને આશ્ચર્ય લાગ્યું તોપણ જુના ભાઇબંધના માનને સ્વીકારી લઇ રમણ પાસે આવ્યો.

મનહર--કેમ ભાઇ મને શા માટે બોલાવ્યો. શો હુકમ છે.

રમણીક--આજે મ્હને આપણી ન્હાનપણની મિત્રતા યાદ આવવાથી, અને ત્હારી મ્હારાપરની પ્રીતિની એકાએક સ્ફુરણા થવાથી મેં ત્હને મળવા બોલાવ્યો છે. અહા, શું ત્હારૂં ન્હાનપણનું મારા પર હેત! મારા માટે ત્હારી કેટલી બધી કાળજી, મ્હને અનેક રીતે સંતોષ આપવામાં ત્હારી કેવી નિઃસ્વાર્થતા અને ત્હારી અમુલ્ય શીખામણ, એ બધું સાંભરતાં મ્હને અત્યારે બહુ ખેદ થાય છે, મેં

મ્હને વગર ગુન્હાએ આ ઘર છોડી દેવાની આપેલ ધમકી, ત્હારા તરફ બતાવેલી ગેરવર્તણુંક અત્યારે મને શરમ ઉપજાવે છે, મિત્ર ! મિત્ર ! મ્હારી તે ભુલને તુ માફી નહિ આપે ? મ્હને ફરીને પૂર્વવત નહિ ચાહે.—કહે, કહે, મારા પ્રિયતમ મિત્ર કહે ?

મનહર—મિત્ર. આમ એકા એક ત્હારામાં અજબ ફેરફાર જોઈ મ્હને આનંદ થાય છે. મનુષ્યે કરેલી ભૂલની માફી તેનો પશ્ચાતાપ જ છે; ત્હારી આવી ભાવના એજ સજ્જનતાનો પુરાવો છે.

રમણ ! વ્હાલા રમણ ! તેં આજ સુધી મારા પ્રત્યે ગમે તેવી વર્તણુંક ચલાવી હશે પરંતુ ત્હારા પ્રત્યેનો મારો સ્નેહ જરા પણ ઓછો થયોજ નથી, ત્હારી ઉત્કૃષ્ટ ભાવનાઓ કેમ થાય અને તું મનુષ્યનું ઉપયોગી જીવન કેમ સુખમય બનાવે એજ મારા હૃદયમાં હમેશાં હું ચિંતવન કરતો હતો અને આ મારા શબ્દો તુ અક્ષરે અક્ષર કોતરી રાખજે કે હું ત્હારો છું તે ત્હારોજ રહિશ, માટે હવે એ બધો પશ્ચાતાપ જવાદે અને બીજી કાંઇક વાત ઉપાડ કે જેથી આપણા આ મનુષ્ય જીવનનું સાર્થક થાય.

મનહર બીચારો ભોળા દિલનો હતો તેથી રમણલાલની આ કપટજાળમાં કંઇ પણ નહિ સમજતાં પોતાની મનોગત નિખાલસ દિલથી કહી આપી.

રમણ—મિત્ર ! હું આજે તને એક પ્રશ્ન પુછું છું કે મિત્ર કેવા હોવા જોઇએ, અને મિત્ર મિત્રને માટે કેવા કેવા વિકટ કાર્યો કરે છે ? તે મને સમજાવ.

મનહર—ભાઇ, આ ત્હારો પ્રશ્ન ઘણોજ વિચારણીય છે મિત્ર એવા હોવા જોઇએ કે, મિત્રને માટે પોતાના સર્વસ્વની આહુતિ આપી મિત્રને મદદ કરે. મિત્રને દુઃખ વખતે દિલાસો આપે અને છેવટે જીવ માંગે તો તે પણ આપે, એવો જો મિત્ર હોય તોજ તે સન્મિત્ર કહેવાય બાકી આજ કાલ સ્વાર્થી મિત્ર અનેક મળે છે જ્યાં સુધી પોતાનો સ્વાર્થ હોય, ત્યાં સુધી મિત્રતાનો દાવો કરે છે અને જ્યાં સ્વાર્થ સર્યો કે પોતાને રસ્તે. માટે હમેશાં મિત્ર કરવો તો પૂરણ પરિક્ષા કરીનેજ કરવો નહિતો મિત્ર વીના રહેવું એજ શ્રેયસ્કર છે.

રમણ—હા ભાઇ ? ત્હારી એ વાત અક્ષરે અક્ષર સત્ય છે અને તેવા ગુણો ત્હારામાં હોવાથી હું મને પોતાને ભાગ્યશાળી જાણું છું, વારૂ ? મનહર આજે મેં તને જે અગત્યના કામસર બોલાવ્યો છે તે હવે હું કહું છું. સાંભળ મારા એક કાર્ય માટે ત્હારે ત્હારા સુખનો ભોગ આપવો પડે તેમ છે, ત્હારી ઉગતી આશાઓને ધરતીમાં દાટી દેવાની છે, અરે ત્હારા અમુલ્ય જીવનને દુઃખમય બનાવવાનું છે, જો તે તું કરે તોજ હું કહું, અને મને આશા છે કે, તું ત્હારા મિત્ર ધર્મને બરાબર બજાવીશ અને મારા તે કાર્યને સિદ્ધ કરી આપીશ.

બોલ ? હા કે ના ?

મનહરને આ પ્રશ્નથી કાંઇક વ્હેમ પડયો પરંતુ ભોળા દિલનો હોવાથી તેણે કહ્યું કે, ભાઇ હું ત્હારા કાર્ય માટે મારા દરેક સુખને

તિલાંજલી આપીશ, ત્હારે માટે મ્હારો પ્રાણ પણ આપીશ, માટે બોલ ત્હારૂં એવું શું કાર્ય છે ?

રમણ—જો સાંભળ! તુ વિજ્યાને ચાહે છે વિજ્યા ત્હને ચાહે છે? પણ હું વિજ્યાને મેળવવા માટે અને ત્હેની સાથે લગ્ન કરવાનો વિચાર રાખું છું માટે મ્હારા આ કાર્યમાં ત્હારે બીલકુલ આડુ આવવું નહિ, એટલુંજ નહિ પણ તુ વિજ્યાને સમજાવી, મારા ગૃહની દેવી બનાવ, મિત્ર પતિ બનાવી માન મેળવ, બોલ આ કાર્ય ત્હારાથી બનશે.

મનહર—(મનમાં વિચાર કરીને) હા ભાઇ, ત્હારી વાત સત્ય છે હુંતો કરવા ખુશી છું પણ મ્હારો ત્હેનાપર કશો અધિકાર નથી કે હું તેને સમજાવી ત્હારી સાથે પરણવાનું કહું ત્હેની જેવી ઇચ્છા. પણ ત્હને યાદ તો હશે કે, પ્રેમ એક એવી વસ્તુ છે કે, તે પરાણે થતી નથી. ત્હને ડાહ્યાભાઇના નીચેના શબ્દો યાદ તો હશે કે

નથી પ્રેમ નિપજતો કાંઇ વાડે કે ઘાટે
નથી પ્રેમ વેચાતો કાંઇ દોશીડાને હાટે.

એટલે કે પ્રેમ એ એવી ચીજ છે કે એકવાર જેના હૃદયમાં પ્રેમ ઉપજ્યો અને પછી પ્રાણાંતે પણ સમી શકતોજ નથી, અને જ્યાં તેમ થાય છે ત્યાં તે પ્રેમ કહેવાતોજ નથી. પ્રેમમાં કશો ભેદભાવ હોતોજ નથી, જો સાંભળ.

દુનિયા કદી સાચી નહિ
સાચો હમારો પ્રેમ છે

સાચો અમારો એ પ્રભુ
બસ બાકી સઘળો વ્હેમ છે
આનંદ પ્રેમ મહી ભર્યો
વરણી શકે નહિ એમ છે
દૃષ્ટિ બીજે કંઇ જાય નહિ
બસ એ હમારો પ્રેમ છે
એ પ્રેમઘેલા પ્રેમમાં
આનંદરસ ઉભરાવતાં
હું તું તણું બસ ભાન તજી
એકાત્મ પદને ગાવતાં.

માટે વિજ્યાનો અને અમારો પ્રેમ એવોજ છે અને તું અત્યાર સુધીમાં વાંચેલા પુસ્તકોથી જોઈ શકયો હઈશ, કે સ્ત્રીઓ પોતાના પ્રેમીઓ માટે કેટલી કેટલી દુ:ખી થઇ છે. રોમીયો અને જુલીયા? શીરીન અને ફરહાદ, લૈલી અને મજનું આવા બીજા અનેક જોડા છે તેઓ કેટલા બધા દુ:ખી થયાં છે છતાં પોતાના પ્રેમથી એક-બીજાને ચાહતાં હતાં, અને આખરે આ અવનીપર પોતાની અમર-કીર્તિ મનુષ્યના હૃદયપટપર કોતરતા ગયાં અને ભવિષ્યના શુદ્ધ પ્રેમી-ઓને અમૂલ્ય બોધ દેતાં ગયાં? કે? જુવો પ્રેમ, આવી રીતે થાય છે? માટે ત્હારો એ વિચાર કદીપણ ફળીભૂત થશે નહિ. વિજ્યા મ્હારી છે હું ત્હેનો છું. અમે એકબીજા અરસપરસ વેચાયા છીએ, જગતના શુદ્ધ અને સાત્વીક પ્રેમબંધનથી બંધાયા છીએ, જો ચંદ્ર અને શીતળતા જુદી પડે, જો સૂર્ય અને અગ્નિ અલગ થાય, જો

સમુદ્ર ખારાપણું છોડી દે, તોજ અમારાથી પ્રેમબંધન ત્રોડી શકાય. કહે ત્હારી, તેટલી શક્તિ છે?

રમણીક—મનહર? તે જમાનો ગયો? આજ ક્યાં છે. સતી સીતા જેવી સ્ત્રીઓ ક્યાં છે, તારામતી અને દમયંતિ જેવી દેવીઓ? આજતો જ્યાં જુવો ત્યાં સુખ અને એશઆરામ પૈસા અને વસ્ત્રાલંકારનેજ ચાહનારી સ્ત્રીઓ છે. તું ત્હારા મનથી વિજયાને શુદ્ધ માને છે પણ તેમ સમજવામાં તું મોટી ભૂલ કરે છે? આજની કેળવાએલી બાળાઓને ત્હેં નથી જોઇ તે એકને ચાહે છે, બીજાને વાયદો કરે છે. ત્રીજા સાથે આનંદ કરે છે. ત્હારામાં એવું શું છે કે વિજયા ત્હને ચાહે અને ત્હારી સાથે લગ્ન કરે, નથી તું પૈસાથી તર કે નથી ત્હારામાં વિજયાને હાલના જમાનાને અનુસરી સુખી કરવાની શક્તિ, માટે તું ભોળો નથાં. આજકાલની સ્ત્રીઓનો તો ભરૂસોજ ન કરવો. માટે મનહર, ત્હારા એ પ્રેમ પૂરાણને દૂર ફેંકી દે.

મનહર—મિત્ર? મ્હારી વિજયા તેવી નથી, તે સાહ્યબીને ઇચ્છતી નથી, વસ્ત્રાલંકારને તુચ્છ સમજે છે, પૈસાને ઠોકરે ચડાવે છે. પરંતુ તે તો શુદ્ધ પ્રેમની પુજારી છે. પ્રીતિની પુતળી છે તે ત્હને કદી પણ નહિ પરણે, ત્હારા સાથે કદીપણ પ્રેમ નહિ બાંધે. એક શુદ્ધ પ્રેમની દેવીને આમ હલકી પાડવી એ મનુષ્ય ધર્મથી, અન્યાય ગણાય છે.

રમણીક—એમ કે, ત્હારી વિજયા ત્હનેજ ચાહે છે. કેમ? લે વાંચ આ કાગળ, અને ખોલ ત્હારી આંખો, છોડી દે ત્હારૂ ગુમાન, છેવટે સહન કરી લે ત્હારૂ અપમાન, નાદાન તું ભણ્યો પણ ગણ્યો

નહિ. એક સ્ત્રીના હાવભાવ અને ખોટા સ્નેહમાં તણાઈ જઇ ફુલાઇ ગયો; એમ કહી પાસેના ટેબલપર પડેલો એક કાગળ મનહર તરફ ફેંકી પોતે ઉભો થઇ ઠરી ગએલી ચીરૂટ સળગાવી આમ તેમ ભમવા લાગ્યો.

મનહરે કાગળ લઇને વાંચવા માંડયો, પરંતુ વાંચતા વાંચતાં તેના મુખકમળપર રંગ બેરંગી છાયા પડવા લાગી. છેવટે પત્ર પુરો થયો, અને વિચારના વમળમાં ગુંથાયો.

રમણીક—કેમ, મનહર! શું વાંચ્યું, કહે હવે વિજયા કોની છે. ત્હારીકે મ્હારી.

મનહર, ગમે ત્હેની,હોયપણ મને હવે અહિંથી જવાદે ત્હારે જેમ કરવું હોય તેમ કર.

એમ કહી મનહર ઉભો થઇ ચાલતો થયો, અને રમણ તેના ઉપર ખુબ હસ્યો. આવા અકલના ઓથમીર દુનિયામાં કેટલા પડયા હશે મનજાણે બીએ થયા; ગ્રેજ્યુએટ બન્યા પણમારા સપાટામાં કેવો સપડાઇ ગયો ! હવે આ પત્રની તેનાપર શું અસર થાય છે તે જોવાનું છે.

હવે મનહર ત્યાંથી નીકળી ઉદાસ ચહેરે પોતાને ઘેર આવ્યો. કપડાં ઉતારી ખુરશીપર આડો થયો અને બબડવા લાગ્યો.

શું આ પત્ર વિજયાએજ લખ્યો હશે? હા? અક્ષરતો ત્હેનાજ હતા? શું ત્યારે મારાપરનો પ્રેમ બનાવટી ગણુવો? તે રમણીકનેજ ચ્હાતી હશે? નાના તેમ તો નહિજ હોય! રમણીકે આ બધી બનાવટ કરી છે? અને મ્હને છેતરવાનેજ આ પગલા ભર્યા છે, અરે.

રમણીક રમણીક તેં મ્હને ત્હારી કપટજાળમાં પુરો ફસાવ્યો ત્હારા બનાવટી શબ્દો અને હાવભાવ, મારી નજર આગર ખડાં થતાં મ્હને વારંવાર દિલગીરી થાય છે. પણ સબુર, કદાચ વિજયા ત્હેને ચ્હાતી હશે તો ? વાત પણ કંઇક મળતી આવે છે મને તેણે ઘણી વખત કંઇક ધંધો કરી પૈસા મેળવવા સુચવ્યું હતું તે પરથી જણાઇ આવે છે કે તે પૈસાને ચાહનારી છે. લક્ષ્મીની દાસી છે, મ્હારી સાથેના પ્રેમને એકદમ તિલાંજલી આપી શકી નહિ તેથી મ્હને ઉપરનો ખોટો ડોળ બતાવી અંદર ખાનેથી રમણીકને ચાહવા લાગી. આહા, આખરે તું બેવફા નીવડી ખરેખર, સ્ત્રીઓ કોઇની થઇ નથી અને થવાની નથી, મહાત્મા ભરથરી જેવાઓ પણ સ્ત્રી ચરિત્રથી ભુલથાપ ખાઇ જઇ ભાઇને વિદેશ કાઢયો હતો તો પછી હું કોણ માત્ર, માટે બસ હવે તો એજ નિશ્ચય કે પરદેશ જઇને રહેવું અને સ્ત્રીઓની પ્રપંચી જંજાળને સદાને માટે તિલાંજલી આપી દેવી, આહા. શું ત્હેના હૃદય વિદારક શબ્દો ! વિજયા વિજયા, તું ઝેરી છુરી ઠરી, સતિ નહિ પણ બે જીભાવાળી નાગણ નીકળી ત્હારા હાવભાવ, ત્હારી સ્નેહભરી લાગણી અત્યારે મને યાદ આવતાં મારૂં હૃદય મુંઝાય છે. ગભરાય છે, ત્હારી આજદિન સુધીની વર્તણુક જોતાં મ્હારે કયા નિશ્ચય ઉપર આવવું તે અશક્ય થઇ પડયું છે તું શુદ્ધ પ્રેમી હો કે બેવફા હો તોપણ, અત્યારે તો મારો એજ નિશ્ચય છે કે મ્હારે આ દેશ છોડી અત્યારેજ અહિંથી ચાલ્યા જવું. હવે હું અને તું સ્વપ્ને પણ ભેગા થનાર નથી, તું મ્હને કદાચ ચ્હાતી હો તોપણ આપણે નિરાંતે રહી શકીએ તે તદ્દન અશક્ય છે માટે જા હું ત્હને એટલું તો ચોક્કસ સમજીશ કે તું નિર્દોષ છે પરંતુ, વડિલોના દબાણથી કે બીજી

કોઇ લાલચથી તું રમણીક સાથે પરણતી હઇશ. પરંતુ હું હવે મારૂં ચોરાયેલું દિલ બીજાને નહિ આપતાં કોઇ જુદીજ દિશા પકડી સ્વહિત સાધીશ, બસ વિજ્યા, આપણા પ્રેમની પૂર્ણાહુતિ, આપણા સંયોગની સમાપ્તિ, હા–પણ હું જઉં છું તે પહેલાં ત્હને એક કાગળ તો લખવો જોઇએ. એમ કહી મનહરે કાગળ લઇને લખવા માંડયો પરંતુ મન અવ્યવસ્થિત હોવાથી કાગળ પણ અવ્યવસ્થિતપણે લખાયો. અને તે એક માણસ માર્ફત વિજ્યાને પહોંચાડી પોતે પોતાનો સામાન પેક કરી સવારની ટ્રેનમાં જવાનો નિશ્ચય કરી, કાર્યમાં રોકાયો હવે પેલો પત્ર વિજ્યાને મળ્યો તે આપણે પહેલા પ્રકરણમાં વાંચી ગયા છીએ અને ત્હેની શું સ્થીતિ છે તે પણ જોઈ ગયા છીએ, સવાર પડતાં કાગળ વિજ્યાને મળવા રવાને થયો ત્યારે મનહર પરદેશ જવા રવાને થયો. વાંચનાર, હવે આપણે વિજ્યા તરફ દ્રષ્ટિ ફેરવીએ.

પ્રકરણ ૪ થું.

"નિરાધાર વિજ્યા."

સવાર થતાં બીચારી વિજ્યા જાગૃત થઇ પ્રાતઃકાળના નિત્ય કર્મમાંથી પરવારી મેડી ઉપર બેઠી બેઠી ઉંડા વિચારમાં તણાવા લાગી, અરે! હવે હું કોનો આશ્રય લઉં કયાં જઉં, મ્હારૂં આ અવનીતલ ઉપર કોઇ રહ્યું નહિ, માબાપ ગયા, મામા મામી ગયા, છેવટે મનહર મ્હને છોડી પરદેશ સિધાવ્યા. મને આ પાપીણી નવી માતા અને રમણુ હવે સતાવ્યા વીના નહિ રહે, શું ત્યારે મ્હારે રમણુને આધીન થવું? ના ના, તેમ તો નહિજ બને, આમ જ્યાં વિચાર કરે છે તેવામાં રમણીકલાલ જ્યાં વિજ્યા બેઠી હતી, ત્યાં આવ્યો, કેમ વિજ્યા શા વિચારમાં છો, રમણીકે કહ્યું. વિજ્યા, એકદમ ચમકી, અને ત્હેની સામું જોવા લાગી. દસેક મીનીટ પછી બોલી ત્હમે શા માટે મારી પાસે આવ્યા. હું તમને પગે પડું છું કે હવે ભલા થઇને મારો પીછો છોડો.

રમણીક—વિજ્યા તું આ શું કહે છે, અમે ત્હને સુખી કરવાનું કરીએ છીએ તે પણ ત્હને નથી ગમતું, મનહર તો ચાલ્યો ગયો. વિજ્યા, વિજ્યા, ત્હું હજુ નાદાન છે, બાળક છે, મનહરને તું નથી ઓળખતી, તેનો પ્રેમ આખરે ત્હને દુઃખીજ બનાવનાર થઇ પડત, ત્હને ચાહતો હતો તેમ તું શા ઉપરથી કહે છે? ત્હને ઉપરનો ડોળ બતાવતો હતો. પરંતુ જો સાંભળ, મનહર તો પેલી,

ખવાસણુની છોકરી પુરીને લઇને ન્હાસી ગયો છે, ત્હેનાપર વારંટ નિકળ્યું છે, ત્હેના નીચ માણસ સાથે પ્રેમ કરી તું શું સુખી થવાની હતી. વળી તે નિરાધાર, ગરીબ હતો. તેથી આખરે તું દુઃખીજ થતે મારી સાહ્યબી જો મ્હારી સત્તા જો અને વિચાર કર કે, મ્હારી સાથે પરણીને તું કેવી સુખી થઇશ.

વિજયા—રમણીક, હું ત્હને સાફ કહું છું કે ત્હારે મનહર, સંબંધી મ્હારીપાસે કાંઈ પણ બોલવું નહિ. મનહર ગમે તેવો છે, નીચ છે, ગરીબ છે, નિરાધાર છે, પણ મ્હારે મન તે અમૂલ્ય હિરો છે, મ્હારા હૈયાનો હાર છે, આ હ્રદયનો માલીક છે. ભલે તે પોતાનો સ્થુલ દેહ લઇ પરદેશ ગયો હોય તોપણ તે મારી પાસેજ છે. અને હુ ત્હેની પાસેજ છું માટે જાઓ અને એવા નકામા, ટાયલાથી હું તમારે તાબે કદી પણ થનાર નથી.

રમણીક—વિજયા, હું ત્હને સાચુંજ કહું છું કે તું ગરીબને પરણીને શું સુખ મેળવીશ. આ પૈસામય સંસારનો શું લ્હાવો લઇશ.

વિજયા—ત્હેમાં તમારી ભૂલ છે, તમે પૈસાદાર થયા તેથી શું થઇ ગયું, શું તમે સોનું અને ઝવેરાત ખાઓ છો અને અમને પથ્થર ખાવાને મળે છે? શું ત્હમારાપર પ્રભુની કૃપા છે ને અમારાપર નથી? ના—ના—તેમ નહિ સમજતાં તમે અનાજ ખાઓ છો. અને અમે પણ અનાજ ખાઇએ છીએ તમે ઉપરના અમીર છો અને અમે અમારા દિલમાં અમીરી ધરાવીએ છીએ. જુવો સાંભળો—

ગરીબાઇ જો હમારે ત્યાં, મુબારક તે હજો અમને.
ન પરવા છે અમીરીની, અમીરી દિલ અમારાને

નમે શું માથું પૈસાને ? અરે ઠેસે ચઢાવીએ
જુદો છે તાર દિલમાં એ, અમીરી દિલ અમારાને.

નહિ નમશે પ્રભુ વિના, ભરેલું તોરથી આશીશ
ખુશામદની નથી પરવા અમીરી દિલ અમારાને

બંધાવી મહેલને ઉંચા, ભલે થાના તમે મગરૂર
હવેલીની નથી ચીંતા, અમીરી દિલ અમારાને.

ખજાનાઓ ભરીને તો, ભલે આનંદમાં રાચો
નથી લાલચ ખજાનાની, અમીરી દિલ અમારાને

વીધિ આપે સહુ માગ્યું પછી પરવા શી લક્ષ્મીની
નહિ છે લોભ ધોળાઆનો, અમીરી દિલ અમારાને

તમે પૈસાતણા જોરે, ઉંચું મુખ રાખીને ફરતાં
અમારી દ્દષ્ટિએ મુક્તિ, અમીરી દિલ અમારાને

ભલે ગાડી મીલોવાડી, ગળા રહેંસી ગરીબોના
મળેલી હોય તેથી શું ? અમીરી દિલ અમારાને

સુખે હસતાં દુઃખે રડતાં, તહમે પામર અમીરો છો
સુખે દુઃખે હસવાનું છે, અમીરી દિલ અમારાને

અમારે આંગણે સવિતા, શશી તારા કરે દિવા
પછી પરવા શી દિપકની, અમીરી દિલ અમારાને.

બહેતર શાંતિ સંતોષે, અદલ ઇન્સાફથી ફરીએ
નથી જોવી પેલી કીર્તિ અમીરી દિલ અમારાને

ગરીબીમાં છીએ રાજી, રહી સંતોષથી ફરીએ
કહે છે ચતુર તો સાચું, અમીરી દિલ અમારાને.

માટે, અમે છો ગરીબ રહ્યા, અમોને સુખ અને સાહબીની જરૂર નથી, તમારા જેવા પૈસેતર, પણ અંદરથી પાપ અને પ્રપંચથી ભરેલા કરતાં સાદાઈ, સંતોષ અને નીતિ રીતિથી ભરપૂર નેજ અમે વધારે પસંદ કરીએ છીએ, તો હવે, આપ મારો વિચાર સમજી ગયા હશો. માટે મહેરબાની કરી હવે મને ન સતાવો.

રમણીક—વિજ્યા, વિજ્યા, હવે આ અપમાન મારાથી સહન થઇ શકતું નથી? ન્હાને મોઢે મોટી મોટી વાતો મારે સાંભળવી નથી, ત્હારો પ્રેમ અને ધર્મ, મ્હારે જાણવો નથી, પણ છેવટે હું ત્હને એજ કહેવા માંગુ છું કે, તું મારી માંગણીનો સ્વીકાર કરે છે કે નહિ.

વિજ્યા—તમારી માંગણીનો હું કદાપી પણ સ્વીકાર કરવાની નથી અને હું પણ છેવટે તમોને સાફ જણાવી દઉં છું કે તમારી માંગણીનો એક વખત નહિ પણ સત્તર વખત ઇનકાર કરૂં છું એમ કહિ વિજ્યા દુર ઉભી રહી.

રમણીક—આટલી બધી મગરૂરી, આટલો બધો તોર, ઠીક છે. હુ જોઉં છું કે આખરે તું મ્હારે તાબે થાય છે કે નહિ.

વિજ્યા—ત્હારે, તાબે હું કદિ પણ થનાર નથી, વિષયાંધ જરા જોતો ખરો કે, મ્હારી રગેરગનું લોહી, મનહર પ્રત્યેના પ્રેમમાં કેવું ઉછળી રહ્યું છે, પ્રેમના શુદ્ધ અંતઃકરણવાળી બાળા ત્હારા જેવા હિચકારાથી ડરી જઇ ત્હારે તાબે થઇ જશે. એમ તું સમજે છે?

પણ તેમાં તારી ભૂલ છે. ત્હારા પૈસા મ્હને શું કરનાર છે ત્હારી સત્તા મારા પ્રેમમાં બળી જનાર છે, ત્હારી ધમકી મ્હારી ટેક રૂપી અસીથી કપાઇ જનાર છે, સમજ્યો કે,.

રમણ—વિજ્યા, વિજયા, તું આમ, આકળી કેમ થઈ જાય છે, મ્હારા પ્રત્યે ત્હારી આવી કડુ ભાષા કેમ વાપરે છે. હું મનહરથી કઈ બાબતમાં ઉતરતો છું, કે તું મ્હને ચ્હાતી નથી. ત્હારી પ્રીતિનો રસ પાતી નથી અને મને જોઈને હરખાતી નથી. કહે, કહે વિજ્યા મને કહે કે હું ત્હારા પ્રેમનું પાત્ર કેમ થતો નથી.

વિજયા—હંસ, અને બગલો, કાગડો અને કોયલ, મણી અને કાચનો કકડો, સોનું અને પીતળ ભલે એકજ રંગનાં છે પણ તેમાં કેટલો બધો તફાવત છે? તેવીજ રીતે મનહર અને ત્હારામાં તફાવત છે, તું ગમે તેટલો પૈસા પાત્ર, રૂપાળો, સત્તાવાન, અને સાહબીવાળો હો ? તથાપી મ્હારે મન તું નકામો જ છે, માટે હવે એ ખાલી ઝીંક છોડી દઇ મને નહિ સતાવતાં ત્હારે રસ્તે ચાલ્યો જા.

રમણીક—વિજયા, ત્હારી ખરેખર ભૂલ થાય છે, તું આખરે બહુ દુઃખી થઇશ, અને અમારા પંજામાંથી તું કયાંઇ પણ છટકી જનાર નથી. માટે જો રાજી ખુશીથી, માની જઇશ તો સુખી થઇશ, નહિ તો દુઃખી થઇને પણ છેવટે તો ત્હારે મ્હારી સાથે લગ્ન કરવાંજ પડશે.

વિજ્યા—જા, જા, પાપી ચંડાળ તું મ્હને નિરાધાર જાણી ડરાવે છે? પણ તું ચોક્કસ માનજે કે, જંગલમાં ફરનારી સિંહણને

કોઈનો પણ આશ્રય નથી, તોપણ કેવી નિડરતાથી શત્રુને હંફાવી અલમસ્ત થઈને ફરે છે. તો સમજ કે હું પણ પ્રેમની સિંહણ છું અને આ વિશ્વરૂપી જંગલમાં ફરનારી છું ત્યાં ત્હારા જેવા બીચારા શીયાળવાં શું કરી શકનાર છે.

રમણ—વિજ્યા, સંભાળીને બોલ? તું અત્યારે મ્હારા તાબામાં છે સમજી કે? આ કાંઈ જંગલ નથી કે તું સટકી જાય. શીયાળના સપાટામાં નથી પણ એક શુરવીર શીકારીના સકંજામાં સપડાઈ છે. સિંહણ કેદમાં પડી છે, અને ત્યાં શીકારી કહે તેમ કરવું પડે તેમ છે માટે હા પાડી દે અને સુખના સાજને સંભાળી લે.

વિજ્યા—રમણ, સાંભળ હું કેદમાં છું એમ કહેનાર કોણ છે. અને કોની મગદુર છે કે મને સકંજામાં સપડાવી, પરાણે હા પડાવે. હું ત્હારી એવી ફીચકારી ધમકીથી ડરનારી નથી સમજ્યોને જો સાંભળ.

શુદ્ધ પ્રેમ તણો પ્રતિબંધ ડગાવ્યો નહિ ડગેરે,
જે વાપ્યું હળાહળ ઝેર હૃદયમાં રગરગેરે.
મધુરી નદિઓ ખળખળ કરતી
સાગર સ્વામીને જઈ મળતી
તરછોડે નવ પાછી ફરતી
ખારી થઈ સાગરમાં ભળતી
તેવો છે અવિરલ પ્રેમ ગણાતો જગજગેરે.

માટે, ત્હારી તેવી ધમકીને કદી પણ ગણનારી નથી, ત્હારા સુખને કદીપણ ઇચ્છનારી નથી, ત્હારૂં શું સુખ છે, પણ સાક્ષાત ઇંદ્રનું સુખ મળે તોપણ તેને ઠોકરે ચડાવું તો પછી તું શા હિસાબમાં, સતિસાવિત્રીને ઇંદ્રના દેવો પટરાણી કરવા માંગતા હતા, દેવીદમયંતિને પણ ઇંદ્રો ચાહતા હતા છતાં તેને તુચ્છ ગણી મનથી માનેલા પતિને જ વરી હતી. સાંભળ–

ઇંદ્રાસન સુખ તુચ્છ ગણાતું પ્રેમી જોડાં પાસેરે;
પ્રેમ જીવન રસબોળ જણાતું અવર સુખ ન યાચેરે.
પ્રેમ મંદિરે પ્રેમ પુજારી, પ્રેમે પુજા કરતાંરે,
પ્રેમપ્રસાદી પ્રીતે લઇને પ્રેમ દેવને સ્મરતાંરે.

માટે હવે ત્હારી એ લવારી બંધ કર, આ વખતે વિજયાની રગેરગમાં પ્રેમના તત્વો ઉછાળા મારી શુરવીરતા બતાવવા સ્હાયભૂત થતા હતા, અત્યારે તે એક ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલી સાક્ષાત્ દેવી સમાન દેખાતી હતી. રમણીક શાંત ચિત્તે પણ કપટતાથી ભરેલા મને સાંભળતો હતો; અને શું ઉપાય લેવો ત્કેના વિચારમાં ગુંથાયો હતો એટલામાં વિજયાની નવી માતા આવી અને વિજયાને સમજાવવા લાગી.

નવી—બ્હેન વિજયા, આમ તપી કેમ જાય છે, આપણા અન્નદાતા, અરે આશ્રયદાતા શેઠની પાસે આમ ઉદ્ધતાઇથી કેમ બોલે છે. જો બેન—હવે તું ઉમર લાયક થઇ છે, માટે ત્હારા લગ્ન અમારે જલદી કરવાં જોઇએ, આપણા સગાવ્હાલાં પણ મને નિરાંતે જપવા દેતાં નથી અને કહે છે કે હવે તમારે વિજયાને ક્યાં સુધી આમ

કુંવારી રાખવી છે તો ત્હારા લગ્ન કરવા માટે મેં ઘણે ઠેકાણે વરની તપાસ કરી પરંતુ મારી નજરમાં આપણા શેઠ રમણલાલ સિવાય બીજા આવતાજ નથી અને તેને ત્યાં દરેક રીતે તું સુખી થઇશ. વળી ત્હારો મનહર તો નફ્ટ નિકળ્યો. ભણીને ભવાડો કર્યો ત્હેની સાથે હું ત્હને કદી પણ પરણાવતજ નહિ, અને હજુ પરણાવીશ નહિ. તો હવે રમણ સાથે ત્હારા લગ્ન થોડા દિવસમાં હું કરી નાંખવાના વિચારપર આવી છું માટે તું શું કહે છે. જો કે છોકરીને પરણાવવી, વેવીશાળ કરવું વિગેરે દરેક સત્તા અમારી પાસેજ હોય છે માટે ત્હારો બીજો વિચાર કામ નહિ આવે. તો એ બાબતમાં હવે લાંબો વિચાર નહિ કરતાં તુરતજ હા પાડી દે એટલે પત્યું.

વિજ્યા—હાલ હું તે બાબતનો કશો નિર્ણય કરી શકીશ નહિ માટે અત્યારે તે વાતને પડતી મુકો. આગળ ઉપર થઇ રહેશે.

નવી—કેમ, હજુ ત્હારે મન તું ન્હાની હઇશ ખરૂં કે? મ્હારે તો આ અઠવાડિયામાં જ ત્હારા લગ્ન લેવા છે માટે બોલતું શું કહેવા માંગે છે.

વિજ્યા—હાલ હું ના પાડું છું. મ્હારૂં વેવીશાળ કે લગ્ન કરવાનો તમારો શું અધિકાર છે, મ્હારા અધીકારી તો મને તમામ અધિકાર સોંપીને સ્વર્ગે સિધાવ્યા છે માટે હું મારા મનની માલીક છું. ત્હમારી મારાપર બીલકુલ સત્તા નથી. અને છેવટે સાફ જણાવી દઉં છું કે, રમણલાલ સાથે હું કદીપણ પરણનાર નથી.

નવી—શું, હું ત્હારી મા નથી, કે મ્હારો ત્હારાપર અધિકાર નહિ.

વિજ્યા—તું મ્હારી મા નહિ. પણ મારા પિતાના અને ત્હારા પિતાના ઉભયકુળને એબ લગાડનારી કુલાંગના છે, ત્હને હું મારી, માની પદવી આપું ના, ના, તે કદિ નહિ બને. નીચ, તું ત્હારા મનમાં એમ સમજે છે કે વિજ્યા કાંઇ પણ નથી જાણતી, પણ નવી, હું ત્હારા બધા ચરિત્રો જાણું છું પણ શું કરૂં કે, મ્હારા સ્વર્ગીય પિતાની આબરૂને એબ લાગે તે કારણથી ત્હારી વાત બહાર પાડતી નથી, બાંધી મુઠી રાખી મનમાં જ સમજી રાખું છું ત્હારો, અને આ નીચ રમણનો સબંધ હું બરાબર જાણું છું. પોતે તેવા થઇ મને પણ એ ઉપદેશ આપવા આવ્યા. વાહ મા તરીકેનો દાવો કરનારી કુલટા વાહ જા હવે મને વધુ ન બોલાવીશ નહિ તો વધારે સાંભળીશ. શું મોઢું લઇને મ્હારી પાસે આવ્યા છો ?

આ વખતે વિજ્યા ક્રોધથી લાલ થઈ ગઇ હતી. તેમ નવી પણ તેનાથી વધારે લાલ બની ગઈ જો કે અંદરથી તો ત્હેનું મન, અસ્તવ્યસ્ત થયું તોપણ ડોળ કરી એકદમ બોલવા લાગી. વિજ્યા, નાદાન વિજ્યા, હું ગમે તેવી છું પણ યાદ રાખજે કે ત્હને હું કેવી રીતે દુઃખી કરૂં છું. શું તું મ્હારી એબ ઉઘાડે છે. મ્હને હલકી પાડે છે. તું ન સમજીશ કે હું ત્હારી ધમકીથી ડરી જઇશ? અત્યારે તું મ્હારા તાબામાં છે. હું ગમે તેમ કરી ત્હને આ રમણ સાથે પરણાવી દઉં તેટલી મારી સત્તા છે અને હવે જોઉં છું કે રમણને પરણે છે કે નહિ એમ કહી એકદમ રમણને બહાર જવા ઇસારાથી સમજાવ્યું. રમણ બહાર જઇ હાથમાં મોટું તાળું લઇ ઉભો રહ્યો. એટલામાં નવી પણ બહાર આવી અને વિજ્યાને તે ઓરડામાં કેદ કરવામાં આવી.

વાંચનાર હવે આપણે વિજ્યાને ત્યાં કેદમાં રહેવા દઈએ. વિજ્યા ત્યાંથી કેવી રીતે છુટે છે ક્યાં જાય છે કોની મદદવડે સુખી થાય છે. વિગેરે બાબતને બીજા ભાગપર મુલતવી રાખી અત્યારે મુંબઈની રંગ ભૂમીપર નજર દોડાવ, કે જ્યાં પાછી આપણી પ્રેમની પુતળી સ્નેહની સરિતા, અને સતિત્વનીસુંદરીને જુદાજ સ્વરૂપમાં જોઈશું.

પ્રકરણ ૫ મું.

"મુંબઈની મોહિની."

અલબેલી મોહમયી, મુંબઈ અત્યારે અલકાપુરીના વિભુષીત ઉપનામથી, દુનિયાની સપાટી ઉપર ગાજી રહી છે. ત્યાંનો આનંદ, ત્યાંની મજા, અને અનેક જાતના શોખીન સ્થળો અત્યારે મનુષ્યના મનસ્વી મન ઉપર આકર્ષીત કરી રહેલાં છે, દુઃખીને દિલાસો અને સુખીને આનંદ આપનારી એ જગતજનુની મુંબઈ, ખરેખર મુંબઈ જ છે. દેશી તેમજ ઇંગ્લીશ સીસ્ટમ પ્રમાણે અનેક જાતના વહેપારો જ્યાં ચાલી રહ્યા છે, વહેપારીઓને નાણા માટે સગવડ કરનારી બેંકો, કંપનીઓ અને પેઢીઓ ધમધોકાર કામ ચલાવી રહી છે, નોકરોને મનગમતી નોકરી કારીગરોને હુન્નર, વહેપારીઓને વહેપાર, લુચ્ચાઓને લુચ્ચાઇ વિગેરે દરેક સગવડો ત્યાં મોજુદ છે વળી આખા દિવસના જંજાળમય કાર્યથી વિમુક્ત થઇ આનંદ લેવાને માટે ઠેકઠેકાણે નાયકાઓના નાચ, રંડીઓનો રંગ, સિનેમેટોગ્રાફ

સરકસો અને નાટક કંપનીઓ પણ બે ઘડી દિલખુશ કરી નાંખવાને પોતાથી બનતું કરી રહી છે એની આ મોહમયીમાં મારા વ્હાલા વાંચકને અત્યારે પોતાના મનસ્વી મનને રોકવાનું હોવાથી તેને પણ ઘેર બેઠાં મનગમતો આનંદ મળશે. અને તે પણ એ અલબેલી મોહમયીનોજ પ્રભાવ છે.

આજે મુંબઇમાં ઠેકઠેકાણે દિવાલોપર રંગ બેરંગી હેન્ડબીલો ચોડાઇ રહ્યાં છે, ફેરીયાઓ છુટથી હેન્ડબીલો લોકોમાં વેહેંચી રહ્યા છે, અને તે વાંચતા અનુમાન થાય છે કે આજે કાંઇ નવીન રંગ હોવો જોઇએ.

મુંબઇમાં હાલ એક સંસાર સુધારક નાટક સમાજ નામની નાટક કંપની આવી છે અને તેણે ટુંક વખતમાં અનેક જાતના ખર્ચનો ભોગ આપી મુંબઇની પ્રજાનું મન હરણ કરી લીધું છે અને તેથી તેનો નવીન ખેલ બહાર પડતાં લોકો એકદમ તે જોવાની ઉતાવળ કરવા મંડે છે તે એમ્પાયર થીએટરમાં પોતાના નીતિમય ખેલો ભજવતી હોવાથી, મુંબઇની શ્રીમાન પ્રજાને વધારે સગવડતા થઇ પડી છે કારણકે એમ્પાયર થીએટર, કોટ અને બારકોટની વચ્ચે આવેલું છે વળી તેની બાંધણી ઘણીજ વિશાળ અને અનેક જાતની સગવડતાવાળી હોઇ શ્રીમાનોનું લક્ષ તે તરફ વધારે ખેંચાય છે. હાલ આ કંપની તરફથી અત્યાર સુધીમાં ચાર નવા ખેલો બહાર પડી ચુકયા છે અને તે ઘણાજ પ્રિય થઇ પડયા છે. ખેલ પ્રિય થવાથી કંપનીના માલેકને વધારે ઉત્સાહ રહે છે વળી હાઉસ ચીકાર હોવાથી ભજવનારા એક્ટરોને પણ વધારે ગમ્મત પડે છે આવી

અનેક ભાવનાઓથી, આ કંપનીનો માલેક મુંબઇની પ્રજાને દિવસે દિવસે નવું ને નવું બતાવવા માટે અહોનિશ પ્રયત્ન કરી રહ્યો છે. હાલ તેણે પોતાની કંપનીમાં એક સ્ત્રી એકસ્ટ્રેસ રાખેલી છે તે જાતે કુળવાન, સુંદર દેખાવડી, યુવાન અને મધુર સંગીતમાં પ્રવીણતાવાળી હોવાથી, કંપનીને વધારે આવક થાય એવા ઉદ્દેશથી તેને છ માસથી કેળવવામાં આવે છે. આજે તદ્દન નવો ખેલ મુંબઇની મોહિની એ નામનો બહાર પડનાર છે તેમાં મોહિનીનો મુખ્ય પાર્ટ તે સ્ત્રી એક્ટર ભજવનાર હોવાથી, મુંબઇની પ્રજા તે ખેલ જોવાને એકી અવાજે તૈયાર થઇ ગઇ છે ટેલીફોન ઉપર ટેલીફોન, રીઝર્વ્ડ સીટ માટે છુટી ગયા છે, મોટર, વિકટોરિયાની ધમાલ થીએટર ઉપર અસાધારણ થઈ રહી છે, અને મેનેજર પ્લાન લઇ ઓર્ડર મુજબ ડબલ નાણા લઇને રીઝર્વ્ડ કરવા મંડી પડયો છે. વાંચનાર ત્હારે રીઝર્વ્ડ કરાવવાની કશી જરૂર નથી. ત્હને તો વાયરલેસ ટેલીગ્રાફથી ત્હારે ઘેર બેઠા સંભળાશે, તેમ છતાં જો ત્હારે મોહિનીને નજરેજ જોવી હોય તો શાંત ચિત્ત રાખી ત્હારા આત્માને મોહિનીના આત્મા સાથે યોગ વિદ્યાના પ્રયોગથી એકમેક કરી દઇ તું પણ મુંબઇની પ્રજાની જેમ આજે આનંદ મેળવ.

રાતના આઠ વાગી ગયા છે કોટને નાકે આવેલા એમ્પાયર થીએટર પાસે લોકોની મેદની, મોટરની ભીડ અને વિકટોરીયાની ધમાલ મચી રહી છે વળી ચા વાળા, સોડા લેમનવાળા અને એવા બીજા ઘણા વેચનારા ફેરીયાઓ બુમ પાડી કીલકીલાટ મચાવી રહ્યા છે. રીઝર્વ્ડ સીટવાળા આમતેમ ઘુમી રહ્યા છે. ત્યારે બીચારા હલકી ટીકીટ લઇને જોનારાઓ ટીકીટ ઓફિસની બારીએ મારામારી કરી

રહ્યા છે. બહાર એક બે માણસ ત્રણુગણો ભાવ લઈ ટીકીટ વેચી રહ્યા છે અને તેથી ગીરદીમાં નહિ જઈ શકનાર ચશમપોશી બીચારો ત્રણુગણા પૈસા આપીને પણ ટીકીટ ખરીદે છે.

બરાબર સાડા આઠ વાગતાં દરવાજો ખોલવામાં આવ્યો. ત્રીજા અને ચોથા વર્ગની ટીકીટવાળા લોકો ધક્કાધક્કી કરી અંદર ઘુસી ગયા. નબળા બીચારા પછાડી રહ્યા તોપણ દરેક જણનો સમાવેશ થઇ ગયો. લોકોની ગીરદી એટલી બધી હતી કે ભરપૂર શીયાળો હોવા છતાં પણ સખત ગરમી લાગવા મંડી, વીજળીના પંખા ચાલુ થઇ ગયા હતા તો પણ પંખા લઇને ફરનારા ફેરીયાઓને સારી ધમાલ પડતી હતી. ચોપડીવાળાઓ ચોપડી ચોપડીની બુમ પાડી રહ્યા હતા ત્યારે ત્રીજા અને ચોથા વર્ગના લોકો પીશયાઉ. પીશયાઉના પોકારો કરી રહ્યા હતા, ડોરકીપરો બુમ મારીને છાના રાખતા હતા. વળી વચમાં જગ્યા માટે મારામારી પણ થતી હતી તે વખતે દાદા-ગીરી કરનારા પારસીઓ ગાળો દઇ-ડંડો ફેરવીને શાંત પાડતા હતા. ત્યારે રીઝર્વ્ડ અને પેલા બીજા વર્ગના લોકો ડ્રોપસીનના પડદાના દેખાવપર નજર રાખી તે ઉપડવાની રાહ જોતા હતા.

બરાબર ટાઇમ થતાં ડ્રોપસીન ઉપડયો, બાળાઓએ આવી મંગ-ળાચરણ કર્યું. નાટકનો ટુંક ઉદ્દેશ જણાવી ચાલતી થઇ. પ્રથમ પ્રવેશ મોહિનીનોજ હતો, યોગ્યવયની મોહિની પોતાના પ્રેમીને મળવાની રાહ જોતી નજરે પડે છે. પ્લોટ ઉપર મોહિનીએ પગ મુકતાંજ મુંબઇની શોખીન પ્રજાએ તેને હર્ષનાદથી વધાવી લીધી. ફુલના હાર, અને ગજરા ઉપરા ઉપર મોહિની તરફ ઉછળવા લાગ્યા. મોહિનીએ

એક કુરનેસ બજાવી દરેકના આવકારને વધાવી લીધો. તેનું રૂપ, તેની એકટીંગ, તેનો ડ્રેસ, અને મોહક ચહેરાથી મુંબઈની શોખીન પ્રજાએ મોંમા આંગળી ઘાલી દીધી કે આ તે કોણ. કોઈ દૈવી અપ્સરા કે સ્વર્ગની સુંદરી, આ કોણ હશે. કોઇ નાયકા હશે વા રંડી હશે. પરંતુ મુંબઈના શોખીન શ્રીમંતો કે જેઓ રાતના બએ વાગ્યા સુધી નાયકાઓના બજારમાં ફરનારા છે તેઓ પણ વિચારમાં પડયા કે આ સુંદરીને આપણે આજ સુધી કદી પણ જોઇ નથી અને જ્યાં સુધી આપણે તેને મેળવી નથી ત્યાં સુધી આપણે આજ સુધી ખરચેલા પૈસા નકામાજ ગયા છે અને હજુ પણ આપણે તેને એકવાર ન મેળવીએ તો આપણી આ દોલત નકામી છે. આવા અનેક વિચારોમાં પ્રેક્ષકો તણાવા લાગ્યા, ત્યારે મોહિનીએ પોતાનું કામ શરૂ કર્યું. અમારા વ્હાલા વાંચકને આખું નાટક તો અમારાથી બતાવી શકાય તેમ નથી તોપણ જે સાહેબોને એ નાટક વાંચવાની ઇચ્છા હોય તેમણે નીચે બતાવેલા ઠેકાણે પોતાનું નામ નોંધાવવું કારણ કે તે આખું [1]નાટક સચિત્ર થોડાજ વખતમાં છપાઇને બહાર પડશે, પરંતુ તે મોહિનીનો પહેલો પ્રવેશ અમે અમારા વ્હાલા વાંચકો સન્મુખ રજુ કરીએ છીએ.

---

૧ સંસારસુધારક મિત્રમંડળ.

કાલુપુર—અમદાવાદ.

અનાથોને દાન આપી ખરૂં પૂન્ય પ્રાપ્ત કરો !!

બસો રૂપૈઆમાં અમર નામ અને અન્નદાન !!

રૂ. ૨૦૦) આપનાર દાતાના નામથી દરવર્ષે દાતાની મરજીને દિવસે અનાથોને એક ટંક ભોજન આપી દાતાના નામની યાદગીરી સચવાય છે, અને તખ્તીમાં નામ ઠામ લખી સ્મારક રખાય છે. (૯૦ ટંકો રોકાઇ ગઇ છે.)

આશ્રમના સંગીન વહીવટ અને ખાત્રીને માટે જુઓ વાંચો:-

વડોદરા રાજ્યના નવસારી પ્રાંતના સુબા રા. રા. ગોવીંદભાઇ હાથીભાઇ દેસાઇ પોતાની તા. ૧૦-૮-૧૫ ની વીઝીટમાં લખે છે કે આ અનાથ આશ્રમ ઉત્તમ રીતે ચાલતું હોવાનું જણાયું છે. માત્ર આડંબર કે દેખાવ માટે નકામુ ખર્ચ ન કરતાં જરૂર પ્રમાણે કર-કસરથી એકંદર વ્યવસ્થા ચલાવવામાં આવે છે .....જે સખીગૃહસ્થો આ અનાથાશ્રમમાં દ્રવ્ય સંબંધી કે ઇતર મદદ કરે તેમણે ખાત્રી રાખવી કે તેમની મદદનો પુરી રીતે સારો ઉપયોગ થશે. વી. વી.

દરેક જાતનાં સરતી દાન લેવાય છે. એક રૂપૈઆથી વધુ દાન કરનારનાં નામ વાર્ષિક રીપોર્ટમાં પ્રસિદ્ધ થાય છે. માટે અનાથોના પ્રાણ-રક્ષણના કાર્યમાં મદદરૂપે કંઇપણ દાન મોકલી રીપોર્ટ મંગાવવા જરૂર લખો.

મંત્રી—હિન્દુ અનાથાશ્રમ—નડીઆદ.

મોહિની–નાટક.

પ્રવેશ ૧ લો.

સ્થળ–વસંતપુરના બગીચો, શ્રીમાન ગૃહસ્થ શેઠ લક્ષ્મીદાસની પુત્રી મોહિની, પોતાની પ્રેમી મનહરની વ્હાટ જોતી અનંગ પીડાની અકળામણનું ગાયન ગાતી ઉભી છે. એટલામાં સાહેલીઓનું આવવું, નિર્દોષ મશ્કરી, પાછળથી મનહરનું આવવું અને પ્રેમ પ્રણયવિહાર.

મોહિની,—

અનંગ પીડા ઘડી ઘડી અટળાવે,
માનુની મનમાંહિ મુંઝાયે;
નવરંગીત આ ઉપવન ખીલ્યો,
માળી વીના સહુ કરમાયે.
સ્નેહ વિલાસી ભ્રમર ભમતો,
સુગંધ લુંટી દુર જાયે;
આતુર થઇ મળવા મોહનને,
પણ મોહન મુજ તલસાવે.
વ્હાટ વ્હાલાની જોતાં જોતાં,
હાય હવે હું તો હારી.

સખીઓ (આવીને)—હા, હારી હારી શું કરે લવારી,
વાતો અમે જાણી હારી.

(૧) સખી—અલી શું કરે છે, શા વિચારમાં છે, કોની વ્હાટ જુવે છે.

(૨) સખી—કોની શું સાંભળ:—
ભોગી ભ્રમરને ભેટવા ઝંખે છે દિનરાત,
વાર થતાં વિમાસતી, સાધીને એકાંત.

(૩) સખી—વ્હાટ જોતી વ્હાલમતણી, સાધીને એકાંત;
વાત બીજી ગમતી નથી, વ્હાલા વીણ દિનરાત.

મોહિની—૧ અલી સખીઓ ? આવા નકામાં ટાયલા શું કરો છો. એ તો હું નથી સંભારતી પણ અવસ્થાજ સ્મરણ કરાવે છે.

યૌવન કેરા બાગમાં ખીલ્યા ગુલ અમુલ,
પણ માળી વિણ તે સહુ સુકાતાં આ ફુલ;
આંબો છે લીલો છમ પણ મોરનું તો નામ નથી,
માળો છે મજાનો પણ પંખીનું તો નામ નથી.

એટલે સખીઓ કહે છે હા બ્હેન હા.

સખીઓ—શોકાતુર આ મનહર મુર્તી કેમ દીસે અલબેલી,
હાંરે બ્હેની બની તું ઘ્હેલી.

મોહિની—અકળાવો ના અબળા બીચારી મન મારૂં મુંઝાય,
અરે મારૂં ચીતડું ચરરર થાય.

સખીઓ— છુપા છુપા તુજ ભાવ જણાયે,
ઉંડી ઉંડી કંઈ કંઈ હરખાયે.

હાંરે સખી અમથી તું ના છુપાવ.
ત્હારે હૈડે આનંદ ઉભરાય.

મોહિની— છેડ કરોના બ્હેની મ્હારી,
વાગી વિરહની કટારી;

સખીઓ— પણ બ્હેન આ જો તો ખરી.

૧ સખી— જો જો બેની આ યુગ્મ અભિરામ,
આનંદ કરતુ કેવું આવે આમ;
બેશી સાથ શું કેલી કરે,
આનંદે ઉર ઉરને ભરે.

૨ સખી— જો બ્હેની આ સારસ નેક,
હરે ફરે સાથે એકમેક;
ઘડી વિખૂટા એ ના રહે,
સ્વર્ગ સુખ સંગાથે લહે.

મોહિની, જુવો,—

ચીંચીં કરતી આ ચકલી ફરે છે,
ડાળે ડાળે જો ચપળા સરે છે;
પેલે હંસી જો કેવી છુપાયે,
વિહ્વળ હંસો પુંઠે ધાયે.

હા—પ્રિયતમ પ્રાણને મળવાને આ મારૂં મન કેટલું બધું વિહ્વળ બન્યું છે ખરેખર—

પ્રિયતમ દર્શન કાજ તલસે મનડું મારૂં,
મનના માન્યા વિણુ દિલડું ડુબાય બીચારૂં;

સાખી.

રવી કિરણના ઉદયથી કમળ મન વિકસાય,
તેમ વ્હાલમને ભેટવા તનમન આ ઉભરાય;
આવોજી આવો ઉર હરખાવો
વિરહીને વધુ ન રિબાવો.
મારગ ફુલડાં વેરૂં વ્હાલા,
આવોજી આવો રઢીયાળા.
આવીને પ્રાણ, હૃદય લ્હાણ, લ્યો સુજાણ.

સખી—ધીરજ ધર તું બ્હેની, આવશે હમણા મોહન તારા,
શીદને શોચ ધરે તું મળશે પ્રિયતમ તુજને પ્યારા.

મનહર—(આવીને),
હાજર છું અલબેલી રામા,
શોચ ધરે શીદને હાલી.
અર્પણ છે તનમન તમોને,
આવો ઉર ભેટો વ્હાલી.

આ વખતે મોહિની શરમાઈ જાય છે તેથી સખીઓ નિચેનું ગાયન ગાઇ નિર્દોષ મશ્કરી કરે છે.

સખીઓ— અલી સખી શરમાઇ ગઇ તું શાને.
હતી આતુર મોહન મળવાને
મન ઘણું મળવાને દોડે
પણ અમથી તું છુપાવે
જઇશું હવે અમે સહુ બ્હેની

જા જઈ ભેટ તું આવે—
(મને મેલીને તમે શું જાશો.)
(હા, તેથીજ તમે હરખાશો,)

૧ સખી — હવે મુક ચતુરાઈ તું નારી
અમે જઈએ છીએ બેની મારી,

આ વખતે બધી સખીઓ મોહિનીને તેના પ્રિયતમ તરફ ધકકો મારી ચાલતી થાય છે તોપણ ગભરાઇ ગએલાની માફક મોહિની એક તરફ રીસાઇને ઉભી રહે છે.

મનહર— વ્હાલી, કેમ ગભરાઇ ગયા કે શું
આવો હવે ના શરમાવો—

મોહિની— આઘા રહો અલબેલડા રે
જાણું જીવન મેલા હાંહાંરે. જાણું.
સ્નેહ ભૂખ્યા તરસ્યા અમે
તરસાવો ઠાલા. હાંહાંરે. (૨)
વાયદા આપી વખત વિતાવો.
પછી બાના શું ખોટા બતાવો.
જાવો, જાવો, દુર થાવો. ઘેલડાંરે
છોડો પાલવ મારો હાંહાંરે. (૨)

મનહર— રીસ તજો રસવેલડી રે
આવો ઉર હરખાવો. હાંહાંરે. (૨)

મોહિની—એમ કે, હવે, કેવા લકુપકુ બનતા આવ્યા છો, વચન આપી વખતસર ન આવવું અને ઉપરથી ખાલી ડોળ બતાવવો એ ક્યાંનો ન્યાય. જો વાયદાસર ન આવો તો તમે અમારા ગુન્હેગાર ખરા કે નહિ...નિશાળમાં જતા છોકરાઓ જો વખતસર ન જાય તો માસ્તર શિક્ષા કરે છે સમજ્યાને.

મનહર—આ કંઇ નિશાળ નથી કે વખતસર આવવું પડે.

મોહિની-આતો મોટી પ્રેમની નિશાળ છે પ્રેમની સમજ્યા

મનહર—શું, આ પ્રેમની નિશાળ છે? ત્યારે માસ્તર કોણ? વિદ્યાર્થી કોણ? આ તો બધો ગોટાળો આપણને તો આમાં કંઇ સમજ ન પડી.

મોહિની—હું માસ્તર અને તમે મારા વિદ્યાર્થી સમજ્યા કે.

મનહર—વાહ, વાહ, એમ કે, તમે મારા ગુરૂ અને હું તમારો ચેલો.

મોહિની—હા,

આવોને પ્રેમના પ્યાસી, હમારી પ્રેમ નીશાળે;
ભણોને પ્રેમની પોથી, હમારી પ્રેમ નીશાળે.
ગુરૂ છે પ્રેમના પંથી, ભણાવે પ્રેમના પાઠો;
શીખોને પ્રેમના સુત્રો, હમારી પ્રેમ નીશાળે.

સમજ્યા, મારા ચતુર પ્રેમી ચેલા, કહો હવે તમે અમારા ગુન્હેગાર ખરા કે નહિ.

મનહર—નહિ બીલકુલ નહિ. ગુન્હેગાર શું અને ગુન્હો શું ગુન્હેગાર તો તમે છો કે આ ભોળા યુવકને પ્રેમ ગ્રંથીથી વગર ગુન્હાએ બાંધી લીધો છે સમજ્યાને.

મોહિની— ગુન્હેગારી અમારી ના
ગુન્હેગારી તમારી છે
સુણો ના દાદ કે ફરીયાદ
તો ગુન્હેગારી તમારી છે.

મનહર— કીધો વશ પ્રેમથી બાળા
અને હાજર સદાએ છું
પુરાયો પ્રેમ પીંજરમાં
છતાં ગુન્હેગારી હમારી છે.

મોહિની—હા, હા, ગુન્હેગારી તમારી છે. પણ નાથ—
પડી આધાર, તમારે હું સતાવો નાથ ના અમને
મુંઝાઇ વિરહે હું તો દયાના દિલમાં તમને
પિયુ પિયુ રટુ પ્યારા લઇ મમ હાથમાં માળા
હતી જો પ્રીત બીજાથી, તો ફસાવી શીદને બાળા.

મનહર,— આ જગતમાં કહી મીનની શું પ્રીતિ જળવીણુ જોઇ છે
પતંગીયાએ દિપવીણુ શું કોઇમાં પ્રીતિ પ્રોઇ છે
સીતા વિના શ્રીરામની, પ્રીતિનું પાત્ર શું કોઇ છે
તો જાણજે પ્રિયા તુજ વીના રતિ ન અન્યે મોહિ છે

મોહિની—વ્હાલા, ત્યારે હવે આ દાસીને આપના ચરણ-કમળની સેવિકા ક્યારે બનાવવા ધારી છે.

મનહર—વ્હાલી, ધીરજધર હજુ મારા વડિલોની ધાક મારાપર વધારે છે તેથી હાલ હું ત્હને દેશમાં લઇ જઇ શકું તેમ નથી, હાલ તો ત્હારે અત્રેજ રહેવું પડશે. હાલ મ્હારે કોલેજમાં રજા પડી છે તેથી થોડો વખત દેશમાં જવા વિચાર છે કેમ રજા આપીશને.

મોહિની—નાથ, તમને નહિ જવા દઉં. રજાના દિવસો અત્રે આનંદમાંજ ગાળવાના છે પિતાશ્રીપણ કહેતા હતા કે આ વખતે મન-હરલાલને રજાના ટાઇમમાં દેશ જવા નથી દેવાના. તેમને તમારી સાથે કેટલીક વાતો કરવાની છે.

મનહર—વાહ, બ્હાનું તો સારૂં કાઢ્યું, હું કાંઇ તમારા કહેવાથી રહેવાનો નથી, સમજ્યાને.

મોહિની—તો હું તમને બાંધી રાખીશ.

મનહર—એમ? વારૂ કેવી રીતે બાંધશો.

મોહિની—(સુતરનો દોરો બાંધીને) જુવો આમ બાંધીશ, હ્યો હવે છોડો—

જાશો ક્યાં ન્હાસી વ્હાલા.
હવે બંધાયા પુરા.
બંધન એ છોડો છોગાળા
છો મોહન મારા શૂરા
છે તાર સુતરના કાચા
તોડો તો જાણું હું સાચા. જાશો.

મનહર— પ્રેમથી એ ગુંથ્યું એ તો
નહિ કોથી છોડાય,
કઠોર કાષ્ટને ભેદે ભમરો
પણ કમળથી તે બીડાય

મોહિની— કેમ હવે જાશો છટકી છોગાળા.

મનહર—વાહ, ચતુરા વાહ, હવે આ બંધન તુંજ છોડ. પ્યારે ત્હારા પ્રેમ પીંજરમાં હું સદાને માટે પુરાએલોજ છું પણ હવે—

મનહર— આવો મનહારી પ્યારી
અનંગ રંગ ખેલીએ.
મદન વસંત વેલી.
કરીએ કોકીલા કેલી
અગન બુઝાવીએ. આવો.

મોહિની— કરી બાળા બીચારી
મોહન મંત્રને મારી
આલીંગન દીજીએ. આવો.

મનહર—બ્હાર જોબનની ન્યારી
ખીલી શું કોમળ ક્યારી
યૌવન ઝુલામાં ઝુલીએ આવો.

મોહિની— હું સ્વામી મુગ્ધબાળા
કરો શું આસ ચાળા
શાણીનાં શરમાઇએ. આવો.

મનહર — આલ ગુલાબી તારા
આ નયનના ઇસારા
ચુંબન ચલાવીએ.
(બન્ને જાણ જાય છે).

આ આખા પ્રવેશમાં દરેક ગાયનને પ્રેક્ષકોએ હર્ષનાદથી વધાવી લીધા. વંન્સમોર ઉપર વંન્સમોર થતા હતા. અને કંપની પણ તેમના શોખને પુરણ કરવા વંન્સમોર આપે જતી હતી. ખરેખર આ મોહિનીએ, મુંબઇના શોખીન પ્રેક્ષકોનું ધ્યાન એવું તો ખેંચી લીધુ કે બસ, દરેકના મુખમાંથી મોહિની મોહિનીનાજ પોકાર નીકળવા લાગ્યા. મુંબઇના દરેક લત્તામાં મોહિનીના વખાણ થવા લાગ્યા, અને તેથી દરેકે દરેક જણ આ નાટક જોવાને તલ્પી રહ્યા. આ નાટક ચાલતું હતું તે વખતે ઓરચેસ્ટ્રાની એક ખુરસી ઉપર એક યુવક બેઠો હતો. અને તેણે આ મોહિનીને જોઇ ત્યારથીજ તે ખુશી થતો, અને વિચારમાં ગુંથાતો, નજરે પડતો હતો. વાંચનાર હવે તે મુંબઇની મોહિની કોણ છે, તે યુવક કોણ છે, વિજયા? ક્યાં ગઇ. તેની શું સ્થીતિ થઇ, અને આ મોહિનીએ પોતાની એકટીંગથી આખી મુંબઇને ચકડોળે ચડાવી, શોખીન શ્રીમંતોને કેમ પાયમાલ કર્યા, મનહર, ક્યાં ગયો. તેની શું સ્થીતિ થઇ, વિગેરે જાણવું હોય તો બીજા ભાગપર મુલતવી રાખ, હાલતો પ્રણામ, ઇતિશમ.

ભાગ ૧ લો.

(સમાપ્ત)

૨ હરસ રિપુ—ગમે તેવા હરસ મસા દુર કરે છે. આ પણ બુટીઓનુંજ ચુર્ણ છે. તોલા ૫ ના રૂ. ૩–૦–૦ પોસ્ટેજ જુદું. હરસ માટે લેપની ગોળી ૩ ના રૂ. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

૩ જ્વરાંજન—આંખમાં આંજવાથી ગમે તેવો તાવ દુર થાય છે. ત્રણ ગોળીનો રૂ. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

૪ વિષાંજન—ગમે તેવા સર્પનું ઝેર આંખમાં આંજવાથી ઉતારે છે. ગોળી ત્રણનો રૂ. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

૫ ભૂતાંજન—આંખમાં આંજવાથી ગમે તેવું ભૂત અગર બલા કે વળગાડ પલાયન થાય છે, તેમજ ઘેલછા કે ગમે તેવું ગાંડપણુ ઉન્માદ દુર થાય છે. ગોળી ૧ નો રૂ. ૧–૦–૦ પોસ્ટેજ જુદું.

૬ નેત્રાંજન—આંખમાં આંજવાથી મોતીઆ, ફુલુ, પડળ, ઝાંખ ક્રાસીયા વગેરે તમામ નેત્ર રોગ દુર કરે છે. કીં. ગોળી ૩ નો રૂ. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.

૭. મુખ સૌંદર્ય—ચહેરાને દરેક રોગ કે દાગ કાઢી ખુબસુરત કરે છે, બાટલી ૧ નો રૂ. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.

ઉપરની દવાઓ પૈકી દવાઓમાંથી રૂપીયા બે ઉપરાંતનો ઓર્ડર મોકલનારને દલપતરામ વી. રાવળકૃત પ્રેમપુષ્પ નામનું પુસ્તક ભેટ આપવામાં આવશે.

સામટી મંગાવનારને કમીશન આપવામાં આવશે એજન્ટો જોઇએ છીએ, અમે અમારા માલની ફુલ મારતા નથી, ખાત્રી કરવાથી માલ જ કહી આપશે. આજ સુધી આવી દવા નીકળીજ નથી.

એસ. એન્ડ એમ. બ્રધર્સ—લખતર.

શ્રી સંસાર સુધારક મિત્રમંડળ.

ફકત એક રૂપિઆમાં અમૂલ્ય લાભ.

આ મંડળ તરફથી હાલ તુરતને માટે નીચેની યોજનાઓ ઘડી કાઢવામાં આવી છે.

કાર્યક્રમ.

૧. આ મંડળનો મૂખ્ય હેતુ સંસારમાં યોગ્ય સુધારો કરવાનો હોઇ સંસાર સુધારાને લગતું સાહિત્ય બહાર પાડવામાં આવશે. એટલે કે દર મહિને જુદા જુદા વિદ્વાન લેખકો પાસે નૉવેલો, નાટકો અને નિબંધો વિગેરે લખાવી તેને છપાવીને આ મંડળના મેમ્બરને મફત આપવામાં આવશે અને બાકીનાઓને પડતર કીંમતે આપવામાં આવશે.

૨. આ મંડળ તરફથી સંસાર સુધારક નાટક સમાજ ચાલુ કરવાની અને તેની અંદર સંસાર સુધારાને લગતાં નાટકો વિ-

હાનં કવિઓ પાસે લખાવીને ભજવવામાં આવશે. આ સમાજ મુંબઇ, સુરત, વડોદરા, અમદાવાદ નડિયાદ ભરૂચ નવસારી ભાવનગર, જામનગર, જુનાગઢ વિગેરે સ્થળોમાં અવાર નવાર ભમ્યાજ કરશે, અને આ મંડળના મેમ્બરોને નાટક મફત દેખાડવામાં આવશે.

૩. આ મંડળ તરફથી દરવરસે જાહેર સભા ભરવામાં આવશે અને તેની અંદર વિદ્વાનો પાસે ભાષણો કરાવી, તે છપાવીને દરેકને મફત આપવામાં આવશે.

હવે અમારા આ મંડળના દરેક જણ મેમ્બર થઇ શકે છે તેને માટે લવાજમ ઘણુંજ સસ્તું રાખ્યું છે માટે જરૂર તમારૂં નામ નોંધાવા ભુલશો નહિ.

પહેલા વર્ગના મેમ્બરનું વારસીક લવાજમ રૂા. ૩—૦—૦. બીજા વર્ગનું લવાજમ રૂા. ૨—૦—૦. ત્રીજા વર્ગનું લવાજમ રૂા. ૧—૦—૦. વધુ વિગત માટે અમારૂં પ્રોસ્પેકટસ અર્ધા આનાની ટીકીટ બીડી મંગાવો.

ચતુરભાઈ ટી. શાહ.

સેક્રેટરી સંસાર સુધારક મિત્રમંડળ.

કાલુપુર—અમદાવાદ.

નોકરી વગર હવે શું કરવું ?

યુરોપની લડાઈની અસર હીન્દુસ્તાનના નાના મોટા બધા ગામમાં થઈ છે. વેપાર ધંધા નબળા પડી ગયા છે. સેંકડો માણસો રોજી વગરના નોકરી ધંધા માટે રખડે છે તેવાઓને થોડી મુડીમાં સહેલાઈથી દુનીઆના કોઈબી ભાગમાં ઘેરબેઠા હજારો રૂપીઆ કમાવા હોય તો-મંગાવો હમણાંજ બહાર પડેલું તદન નવીજ "અનુભવિક" હુન્નરોથી ભરપુર "સ્વતંત્રના હુન્નર સંગ્રહ" ભાગ ૨ જો ૩૦૦ થી વધુ પાનાની (નાની) પાકા પુંઠાની બુક કી. ૦-૧૪-૦ ચૌદ આના) પોસ્ટેજ જુદું (બંને ભાગ સાથે મંગાવનારને રૂ. ૧ાા પો. જુદું) **સ્વતંત્ર હુન્નર સંગ્રહ ભાગ ૧ લો**-૩૦૦ પાનાની "અનુભવિક" હુન્નરની (નાની) બુક, પાકું પુઠું કી. બાર આના પોસ્ટેજ જુદું. આ બુક માટે **દેશી વેપારીઓનું ચેમ્બર**-પોતાનો સંતોષ જાહેર કરી ઉત્તમ અભીપ્રાય આપ્યો છે તે સીવાય જાણીતા સાક્ષરો અને વેપારીઓએ અનેક સરટીફીકેટો આપેલાં છે.

વધુ શું લખીએ. બીજી શોખની ચીજ વીના ચલાવી લઈ આજેજ મંગાવો.

લખોઃ—આર. જી. ડાહ્યાભાઈ વર્મા (એમ. એમ.)

માલિક—હુન્નરોદ, બુકડીપો

ધોબારી મહોલા નાકા સામે—મુંબઈ નં. ૯.

જો તમે ઘણા ઘણા ઇલાજો કરાવી નાઉમેદ થયા હો તો આ જરૂર વાંચો.

મુડદાંઓને જીવતાં કરવાની

અકસીર દવા.

જે લોકો બચપણમાં નાદાનીથી પોતાના કૌવતનો નાશ કરે છે. એટલે કુટેવ અથવા બીજા ખોટા કરમોથી પોતાના ગુપ્ત ભાગની નસોને કમજોર કરી નાંખે છે. પછી જુવાનીનો લાભ લઇ શકતા નથી. અને પછી ખરેખર વખત પછી આપઘાત કરવા જેવા ખોટા વિચારો કરે છે અને એમજ સમજે છે કે આવા જીવવા કરતાં મરવું બહેતર છે. આવા જીવતાં મુદડાંઓને સજીવન કરવા માટે અમોએ ઘણી મહેનત અને કોશીશથી, એક લેપ તૈયાર કર્યો છે જેની કીંમત મહેનત અને ફાયદાના પ્રમાણમાં રૂા. ૨૫) રાખીએ તો પણ વાપરનાર તે સરખા જ સમજે પણ ગરીબ અને અમીર સરખો લાભ લઇ શકે તેટલા માટે જ ફકત રૂા. ૧-૦-૦ એકજ શીશી વાપરવાથી સઘળી નસો મજબુત થઇ જાય છે અને ગયેલી શક્તિ પાછી આવે છે.

મળવાનું ઠેકાણું

એમ. ઈ. હકીમ.

સિદ્ધપુર (ગુજરાત.)